શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેટ્રોનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનનું મુખપત્ર

ગુરુકુલ દર્શન

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

વર્ષ : ૨ • જાન્યુઆરી, ૨૦૧૬ • અંક : ૫

• પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-

વાર્તા વિશેષાંક

1

2

3

4

5

6

૧. રાજકોટ- સ્નેહમિલન પ્રસંગે યુવાનોને ફૂલોની પાંખડીથી વધાવી આશીર્વાદ આપતા પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી. ૨. ભાવનગર- કળથીયા પરિવાર સ્નેહમિલન પ્રસંગે મહાપૂજાની આરતી કરતા પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સાથે પરિવાર ના સભ્યો. ૩. ભાયા- અ. નિ. લક્ષ્મણભાઈની શ્રદ્ધાંજલિ સભામાં પ્રવચન આપતા પૂ. સ્વામીજી. ૪. કુબેરનગર સુરત- સત્સંગીજીવન કથા પારાયણ પ્રસંગે પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીને ઘનશ્યામ મહારાજનો મુગટ અર્પણ કરતા પ.પુ. શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી. ૫. મુંબઈ-ભાયંદર શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે કથાવાર્તા કરતા પૂ. શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરુપદાસજી સ્વામી. ૬. નાગપુર ખાતે કચ્છી લેવા પટેલ સમાજમાં સભામાં ઉપસ્થિત પ. પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી તથા સંતો.

-: સંસ્થાપક :-

'સદ્‌વિદ્યા સહજં રહસ્ય' પ્રાતઃ સ્મરણીય પ.પૂ.
ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

વર્ષ - ૬, જાન્યુઆરી- ૨૦૧૧, અંક-૫

: આશીર્વાદ :
પ.પૂ. પ્રાતઃસ્મરણીય શ્રી જોગી સ્વામી
: પ્રેરણા :
પ. પૂ. સદ્‌ગુરુ-વર્ય સ્વામી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

પ્રકાશક : સદ્‌. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી : પાર્ષદ શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન : ગોવિંદ બાંટવા
વ્યવસ્થાપન : પ્રવલ ભીમાણી
તસ્વીર : ક્રુ.વિઝન
મુદ્રક : સુર્યા ઓફસેટ

છુટક અંક : રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
આજીવન લવાજમ (૨૫ વર્ષ) : રૂા. ૭૦૦/-
વિદેશમાં આજીવન : $ ૧૧૦/-

લવાજમ અંગે ગ્રાહક પત્ર વ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
મેમનગર, અમદાવાદ-૫૨.
ફોન : (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

Website : www.swaminarayangurukul.org
E-mail : gurukul_darshan07@yahoo.co.in

સજનવા પ્રીતમ કે ઘર જાયે

સજનવા પ્રીતમ કે ઘર જાયે
સોલહ સાજ સજે મેરી સજની
દુલ્હન વેશ બનાયે... સજનવા..૧

કરવર કંગન ભાલ મેં બિંદિયા
સિંદુર માંગ સજાયે
નૈનમેં કજરા નાક મેં ચૂની
અમર સુહાગ કહાયે... સજનવા..૨

દૂર નગરીયા સાંવરિયા કી
કૈસે ના પહુંચાયે
પ્રીતમવર કી ડોલી આઈ
સદ્‌ગુરુ સંગ પઢાયે... સજનવા..૩

જ્ઞાન વિરાગ ધરમ અનુરાગા
ચાર કહાર સુહાયે
આગે આગે સદ્‌ગુરુ ચલિબે
ભય ના કોઈ સતાયે... સજનવા..૪

હમ પરદેશી પંછી ઠહરે
આયે દેશ પરાયે
ઉડ ચલે છોડી સબ માયા
માધવ ફિર ના આયે... સજનવા..૫

- શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી

ત્રિભુવનભાઈ ગૌરીશંકર વ્યાસ

ત્રિભુવનભાઈ ગૌરીશંકર વ્યાસ એટલે કવિ, લેખક, શિક્ષક, સજ્જન, સત્સંગી અને ભારતીય સંસ્કૃતિના પ્રાણરૂપ ગુરુકુલ સંસ્કૃતિના સમર્પિત સેવક.

ત્રિભુવનભાઈ ગૌરીશંકર વ્યાસ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના જમણા હાથ સમાન હતા. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ દ્વારા સેવા અને સ્મરણની અનેક કેડીઓ કંડારાઈ, તેમાં ત્રિભુવનભાઈનો સંપૂર્ણ સાથ રહ્યો. ગુરુદેવ દ્વારા થયેલ સત્સંગ સંવર્ધનનાં અનેકવિધ આયોજનોમાં ત્રિભુવનભાઈ પ્રેરકબળ હતા. ગુરુકુલના મુખપત્ર સદ્‌વિદ્યાના તેઓશ્રી આદ્ય તંત્રી રહ્યા અને આ સેવા તેમણે આજીવન નિભાવી. એમની કલમ અદ્‌ભૂત હતી. એમના લેખ જિજ્ઞાસુઓ માટે જિજ્ઞાસાની પ્યાસ બુઝાવનારા હતા અને એમની વાર્તાઓ બાળકો અને યુવાનોનાં મનને જકડી રાખનારી હતી. આ વાર્તાઓનો બોધ એકદમ ચોટદાર રહેતો અને સાંભળનારાના હૈયા સોંસરવો નીકળી જતો. એમની કલમે લખાયેલા અનેક ગ્રંથોમાં "શિક્ષાપત્રી અધ્યયન" અને "વચનામૃત અધ્યયન" ખૂબજ મનનીય છે. ભગવાન સ્વામિનારાયણ વિશે એમણે "સ્વામિનારાયણ સંપ્રદાયની ઐતિહાસિક સમાલોચના" નામે લખેલ નિબંધ સાક્ષરોના હૃદયને સ્પર્શી ગયો હતો. એમનાં કાવ્યો આજે પણ આબાલ વૃદ્ધ નરનારીઓના માનસમાં ગૂંજી રહ્યા છે. એમણે રચેલા સંવાદો અને રૂપકો ગુરુકુલના વિદ્યાર્થીઓ દ્વારા સ્ટેજ ઉપર રજૂ થતા ત્યારે સારોયે જન સમુદાય મંત્રમુગ્ધ બનતો અને એ રચનાઓને તાલીઓના ગડગડાટ સાથે વધાવી લેતો. ગુરુકુલના સંસ્કાર સભર સંદેશાઓને ગુર્જર ધરામાં ઠેર ઠેર પ્રસરાવવામાં એમની રચનાઓનો ફાળો અપૂર્વ રહ્યો છે.

તેઓએ મહાત્મા ગાંધીજી સાથે સેવા કાર્ય કરેલ અને મહાત્મા ગાંધીજીની પ્રસન્નતા પ્રાપ્ત કરેલ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના તો એ અંતેવાસી શિષ્ય અને સખા પણ હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના શબ્દોમાં કહીએ તો "આ ભાવા અને બ્રાહ્મણની જોડ હતી," જે જોડ્યે પ્રાચીનકાળની ગૌરવપૂર્ણ ગુરુકુલ પરંપરાને ફરીને ધરતી ઉપર ઉતારી અને પ્રાચીન અને અર્વાચીન બન્ને સમયનો સુભગ સેતુ રચ્યો.

એક બાલકવિ તરીકે ત્રિભુવનભાઈના બાલકાવ્યો ગુજરાતી સાહિત્યમાં ખૂબજ લોકપ્રિય બની ગયાં છે. વર્ષાનું વર્ણન, ખિસકોલી સાથે મૈત્રી અને ગીરના જંગલની રમ્ય ભીષણ પ્રકૃતિનાં કાવ્યોમાં કવિ સરળ છંદોબદ્ધ રચનાઓ કરીને સૌને રસભીના કરી દે છે.

ગુરુકુલ દર્શનની અંદર ત્રિભુવનભાઈએ લખેલી કેટલીક વાર્તાઓ પ્રકાશિત કરતાં અંતરમાં અત્યંત આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. આશા છે કે આ વાર્તાઓ વાંચનાર અને સાંભળનારાને જીવનપાથેય પૂરું પાડશે.

- શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી

આપાનો ભેરવજપ

આપો ઓઘડ પાકી ઉંમરે પહોંચ્યા હતા. ગામમાં સૌ તેને ઓઘડબાપુ કહેતા. આપો કંઈક ભગત જેવો દેખાવ પણ કરતા. પણ ભક્તિ અંરત માં ન હતી. અનેક પ્રકારના ખાળાચાળા પછી ગામ-ગરાસ ગુમાવીને ગરીબીમાં સપડાયા બાદ સૂઝેલા એ ચાળા હતા. તદ્દન બેકાર સ્થિતિમાં પણ તેમણે પોતાનું અસલ વલણ ત્યજયું ન હતું. લોકો તેના દંભને સમજતા ત્યારે કોઈ કોઈ પાછળથી મજાક પણ કરતા. પણ મોટે ભાગે સામાન્યજનો તેનાથી દબાતા. વખત જતાં બાપુને ગરીબીએ ભીંસ દેવા માંડી. તે દિવસે દિવસે મુંઝવણમાં આવવા લાગ્યા. શું કરવું તેની કંઈ સૂઝ પડે નહીં.

ગામમાં જૂની આબરુ ટકી શકે એવી સ્થિતિ મટવા માંડી હતી. એટલે આપાએ એકાદ જોષીને ખાનગીમાં પૂછ્યું તો તેણે એવો રસ્તો બતાવ્યો કે "જુઓ બાપુ,! તમારા નસીબમાંથી આ હાલત બદલે એવું જણાતું નથી. પણ જો તે ખોળિયું બદલો તો ઉદ્ધાર થાય ખરો." એ ખોળિયું કેમ બદલવું? તેનો માર્ગ પણ જોષીએ બતાવ્યો કે ગમે તો તમે આ આશ્રમ બદલીને સાધુ-સંન્યાસી બની જાઓ, અથવા ધર્મની જગ્યામાં પ્રાણ છોડો તો બીજો જન્મ મનગમતો આવે અને ખોળિયું બદલાય. બાપુએ કહ્યું, "અમારાથી બાવા થઈને ભીખ તો ન મંગાય પણ ધર્મની જગ્યામાં શી રીતે મરવું તે સમજાવો." જોષી કહે, "બાપુ! તમારા જેવા માટે તો એ સહેલું છે. જુઓ બીજા સારા જન્મની માગણી કરીને શંકરને કમળપૂજા ચડાવો એટલે કે માથું કાપીને શંકરને ધરો તો બીજે જન્મે માગશો તેવું મળશે." બાપુ કહે, "મહારાજ! એ તો ભારે વસમું! બીજું કંઈ બતાવો." ત્યારે જોષી કહે, "તો પછી કાશીએ જઈ, ગંગામાં સ્નાન કરીને મનગમતા જન્મની ધારણા કરી માથા ઉપર કરવત મુકાવો એટલે એ કાશીના કરવતે બીજે અવતારે ધાર્યું હશે તે મળશે." બાપુ કહે, "મહારાજ! એ તો વળી એથીયે ભૂંડું!" ત્યારે મહારાજ કહે, "તમે શૂરવીર થઈને આમ હિંમત કેમ હારો છો? જુઓ ત્યારે ત્રીજો ઉપાય સહેલો કહું. અહીંથી ગિરનાર જવું અને ત્યાં જઈને ભેરવજપ ખાવો. એટલે કે એક ભેરવજપનો ખડક છે તેના ઉપરથી ભૂસકો મારવો. બાપુએ વિચાર કર્યો કે આ બાબત ઠીક. કેમકે પત્થર પરથી ભૂસકો મારતાં મન ધાર્યો અવતાર મળતો હોય તો હરકત નહિ. આંખો મીંચીને ભૂસકો મારી દઈશું. આમ ભૂંડે હાલે જીવવા કરતાં બીજો સુખનો અવતાર મળતો હોય તો કંઈ ખોટું નથી."

બાપુએ ભેરવજપ ખાવાનો નિશ્ચય કર્યો અને જોષીએ મુહૂર્ત આપ્યું કે છ મહિના પછી સાતમને સોમવારે ભેરવજપ ખાવાનો દિવસ બહુ સારો છે. પછી તો ગામમાં જાહેર થઈ ગયું કે બાપુ ભેરવજપ ખાવાના છે. એટલે તો ગામલોકો બાપુની આગલી-પાછલી ભૂલી જઈને તેના દર્શને આવવા લાગ્યા! કેમકે સતીની પેઠે જે ધાર્મિક આપઘાત કરવા માટે કમળપૂજા ચઢાવે, કાશીએ કરવત મૂકાવે કે ભેરવજપ ખાય તેનો મહિમા વધી જતો. ગામલોકોમાં આ રીતે બાપુ પ્રત્યે પૂજ્યભાવ જાગ્યો અને આપા ઓઘડના માનપાન વધી ગયા! એટલું જ નહિ, ગામ-પરગામના આમંત્રણો સ્વીકારી બાપુ તો જમણ ને પધરામણીને નોતરે ચઢ્યા. બાપુને લાંબા વખતની વેઠેલી ગરીબીમાં નિત નવા મિષ્ટાન્ન અને ભેટ સોગાદોથી સરખાઈ આવી ગઈ! ભોળા, વહેમીલા, વેવલા અને પ્રેમલા જનોએ માનતાઓ માનીને બાપુની ચરણરજ પણ લેવા માંડી! તેથી તો બાપુના પરચાની ચર્ચાઓ ચાલવા લાગી અને બાપુની સેવામાં રોકાઈ ગયેલા તકસાધુઓએ તો તેના મહિમાના ગભારાઓ ચઢાવવા માંડ્યા. આવી પરિસ્થિતિમાં ભારેખમ થઈને બેસી રહેતા બાપુ કેટલાકને તો મોટા પીર જેવા લાગવા માંડ્યા! પછી તો આ બધું સમજી જઈને બાપુએ પણ તેનો લાભ લેવા ધાર્યું અને આંખો મીંચીને ધ્યાન લગાવવા માંડ્યું! કોઈ બહુ પ્રાર્થના કરે ત્યારે આંખો ઉઘાડે, માથે હાથ મૂકે અને આશીર્વાદ આપે. આથી આવક પણ ઠીક થવા લાગી!

ક્યારેક ક્યારેક ઊંડા ઉતરીને એકાંતમાં આપા વિચાર કરતા કે "અરે જીવ! આવી મોજમજા મૂકીને ભેરવજપમાં મરવા માટે શીદ જવું? પણ તુરતજ બીજો વિચાર આવતો કે ભેરવજપને લીધે જ આ બધી જાહોજલાલી ઊભી થઈ છે. હવે જો એ બહાનું મૂકી દઉં તો ઠગાઈ કરી એમ જાણીને સૌ ચાલ્યા જશે. પછી તો વધારે ખરાબ હાલ થવાના. માટે હવે તો સામે પગલે ચાલી ભેરવજપ ખાવો.પણ જો એમાંથી છટકવાનો કોઈ મોકો મળે તો

જોઈશું. નહિં તો ત્યાં ગયા પછી વાત. અત્યારે તો આ વહેમી અને વેવલા લોકોનો પૂરો લાભ શા માટે ન લેવો?" "આજનો લ્હાવો, લીજીયે રે કાલ કોણે દીઠી છે?"

આમ કરતાં ચારેક માસ બાકી રહ્યા, તેવામાં બાપુને એક નવો તુક્કો સૂઝયો. તેણે લોકો સમક્ષ આંખો પહોળી અને સ્થિર કરી દીધી અને જણાવ્યું કે "મને ભગવાનનું વૈકુંઠ ધામ દેખાય છે!" આ વાત બાપુના અંગત ખુશામતિયાઓએ તરત જ ઝીલી લીધી. કારણ કે બાપુનો મહિમા ગાવામાં તેને ઘણા ઘણા લાભ હતા. તેમણે તો જોરશોરથી જાહેર કર્યું કે, "બાપુને વૈકુંઠ ધામનાં દર્શન થાય છે. અરે, બાપુ પાસે તો વૈકુંઠ ખડું થયું છે! તેને જે સાચા ભાવિક હશે તે જોઈ શકશે. બીજાને તે નહિ દેખાય!" આથી તો વૈકુંઠદર્શન માટે લોકોનાં ટોળાં પડાપડી કરવા લાગ્યાં અને પોતે ભાવિક નથી તેમ કોઈ જાણી જાય તો ઠીક નહિ, તેથી કેટલાક તો પોતાને પણ દર્શન થયા એમ વાતો કરવા લાગ્યાં! લોકોનાં ટોળાં ને સીસકારનારાઓ જે રીતે પોતાનું કામ કાઢી લે છે એવું વાતાવરણ સેવકોએ જમાવી દીધું! જેમ એક ઘેટું પ્રથમ વહેતા પ્રવાહમાં પડે અથવા કોઈ તેને હડસેલી દે તો બાકીના ગાડર તેની પાછળ ઝંપલાવે છે અને તણાઈ જાય છે. તેમજ વિચારહીન લોકોનાં ટોળાની પણ એ જ ગતિ અહીં થવા લાગી.

હવે તો વૈકુંઠદર્શનમાં લોકો ઉભરાવા લાગ્યા! કોઈએ ન પૂછ્યું કે ધામ કેવું છે? કોણે દીઠું? કેવી રીતે દીઠું? અને તે ક્યે ઠેકાણે છે? અરે! સારાં-નરસાં બધાને એ શી રીતે દેખાવાનું? બસ ચાલ્યો ગાડરિયો પ્રવાહ. ભીડ તો એટલી મચતી કે બાપુનું મોં પણ દેખાતું નહિં. છતાં બાપુના પરસાદિયા ભક્તોએ તો "ઓઘડ ભગવાન કી જે, બાપુ મહાત્મા કી જે" એવી મોટી મોટી બૂમો પાડવા માંડી અને લોકોએ ઊંચા હાથ કરીને ઝીલવા માંડી! કદાચ સખત ભીડમાં કોઈને મનની નબળાઈથી કે અકળામણથી મૂર્છા જેવું થતું. તો લોકો તેમને ઊંચકીને બૂમો પાડવા માંડતા, કે એમને ધામનાં દર્શન થાય છે! એટલું જ નહિં, પણ પછી તો ઓઘડ, ભગવાન, બાપુ, મહાત્મા, અને સાંઈ આપા જેવા જુદા જુદા નામે બાપુની છબીઓ પણ વેચાવા અને પૂજાવા લાગી! કોઈએ બાપુના મહિમાની ચોપડી પણ પ્રચારમાં મૂકી દીધી!

હવે ભૈરવજપ આવાનો દિવસ આવી પહોંચ્યો. આપાને લોકોએ શણગાર્યા, મીઠાં ભોજન કરાવ્યાં, કુંકુમના ચાંદલા કર્યા, ચોખા ચોડ્યા, ફૂલના હાર પહેરાવ્યા, હાથમાં નાળિયેર આપ્યું અને પાલખીમાં પધરાવ્યા. આમ તૈયારી કરી હજારો માણસોનો સંઘ ગિરનાર તરફ ઉપડ્યો. સાથે ભજનમંડળીના ઝકોળ અને ઢોલ ત્રાંસાની ધબધબાટી બોલી રહી હતી! ભારે ધામધૂમ સાથે ગિરનાર પહોંચ્યા. પણ આપાનાં અંતરમાં કોઈને કહી ન શકાય તેવો થડકો ઉપડ્યો હતો! આ બાજુ તેના અંગત સેવકો બન્યા હતા તેઓ ટાણે કેમ ખસી જવું તે વિચારતા હતા. લોકો તો "ભયો ભયો, રામરામ, સીતારામ, જંબે જંબે અને આપા સાંઈની જે" પોકારવામાં મશગુલ હતા!

ગિરનાર ઉપર સાચાકાકાની જગ્યા પાછળ ભૈરવજપ ખડક પાસે આવીને સૌ ઊભા. સેવકોએ આપાને

ખડક ઉપર ચઢાવ્યા અને સેવકો પણ સાથે ચઢ્યા. હવે આપા ભૂસકો મારે તેની રાહ જોતા લોકો નીચે ઉભા. સેવકોએ આપાને સૂચવ્યું કે "બાપુ! આપ તો દેવાંગી પુરુષ છો, આપને તો વૈકુંઠ ધામ હજરાહજુર છે, તો ઘણી ખમ્મા! આપ ખડકની કોર ઉપર પધારો અને ભગવાનનું નામ લઈ મારો ભૂસકો. અમે પાસે ઉભા છીએ, મુંઝાશોમા. આવતે અવતારે તો આપ ચક્રવર્તી રાજા જ થવાના!" બાપુએ બધાના તરફ એક નફરતની નજર નાખી! પછી ખડકની નીચે જોયું તો અતલ ઊંડાણવાળી ભયંકર ખીણ દીઠી! એમની આંખે અંધારાં આવ્યાં! માથું ભમવા લાગ્યું, ધામને બદલે સામે મોત દેખાયું અને છ માસ લગી ઠગાઈ કરીને ઉડાવેલી મોજમજાનો સરવાળો ભયંકર ભાસવા લાગ્યો! પણ હવે પાછા હઠવું અશક્ય હતું. તેને ખાતરી હતી કે હવે પાછો પગ કરીશ તો આ બધા મને હડસેલીને જ જશે! આ વિચારમાં મૂઢ થઈને ઉભા હતા તેવામાં પેલા સેવકોએ ચેતવ્યા, "બાપુ! હવે મૂહુર્ત જાય છે અને લોકો રાહ જુએ છે, માટે વિલંબ ન કરો."

આ સાંભળી આપાના મનમાં એક વાત સ્ફૂરી કે "અરે આટલો મનખ્યો મળ્યો છે ને હું એકલો જ જાઉં? મારો સંગાથ કોઈ નહિ કરે? આમ કેમ? ઓલા દેકારો કરવામાં, પરસાદ ઉડાવવામાં, મોટા થવામાં અને બીજા લાભો લેવામાં ઘણાય કૂદતા હતા, પણ આ ટાણે તો આઘા ઉભા મારી રાહ જુએ છે! ઠીક છે, પોતાની મરજીથી કોઈ નહિ જ આવે, એક યુક્તિ કરવા દે."

પછી આપા બોલ્યા, "અરે! વહાલા ભાઈઓ અને સેવકો! મને અહીં આવતા ઘણો થાક લાગ્યો છે, તેથી મારું શૂરાતન ઉતરી ગયું છે તો ભલા! થોડા એક મારી પાસે આવીને શૂરાતન ચઢાવો. કોઈ ભગવાનનાં નામ, ધૂન, કીર્તન કરો, કંઈક ભુંગિયો વગાડો એટલે મારું શુરાતન જાગશે અને હું તુરત જ ભૂસકો મારું."

આ સાંભળી કેટલાક ભોળા ભક્ત જેવા સેવકો તેમની નજીક ગયા પણ જે કાબેલ અને નટખટ હતા તે ભજનમંડળી અને ઢોલ ત્રાંસાને બોલાવવા દોડ્યા! થોડીવારે ખડક ઉપર પચાસ જેટલા માણસો હાજર થયા! ભક્તોએ આપાની જે બોલાવી અને ભગતના ભફલકિયા શરુ થયા. ત્રાંબાળુ ઢોલ ધ્રીબાંગ, ધ્રીબાંગ, ધ્રીબાંગ અવાજે ગિરનારની ગાળીમાં પડઘા પાડવા માંડ્યા. એવામાં આપા અચાનકનો હાકોટો કરીને લાંબે અવાજે રણછોડરાય કી જય... બોલીને પાસે ઉભેલા સેવકનો ટાંગો ઝાલીને ખડક નીચે ટીંગાણા. પેલો સેવક હેબતાઈને બીજાને બાઝ્યો, બીજો ત્રીજાને, ત્રીજો ચાથોને એમ એકબીજાને સાંકડી જગામાં ઉભેલા પચાસેય માણસો "એ... એ... એ..." કરતા ખેંચાયા અને આખી સાંકળ સમતોલપણું ગુમાવીને ઢોલે વાગતી ગઈ નીચે ખીણમાં આપાની પાછળ...!

પેલા કાબેલ નટખટીયા જે એક બે દૂર ખસી ગયા, તેણે આ ભયંકર હોનારત નજરે જોઈ! નીચે આવીને લોકોને કહ્યું કે "અરે! તમે બધાએ કંઈ જોયું? અહોહો શો પરચો! આપાને પડતી વખતે હાજરાહજુર ભગવાનનું ધામ દેખાયું અને ઉપરના બધાને પણ તેનાં દર્શન થયાં. પછી તો આપાની ભેગા જ સાથે ધામમાં જવા ઉતાવળા થયા અને આપાની ભેગા જ કૂદી પડ્યા! વાહ ધામ! વાહ ધામ! અરે આ દર્શન, અમે પણ કૂદી પડવા ગયા પણ આપાએ રોક્યા અને કહ્યું કે તમે જાઓ અને સૌને ધામની વાત કરજો, હવે તમે ધામના સાચા સેવક છો, તેથી તમારે વચને સૌને ધામ દેખાશે. એટલે આપાની આજ્ઞાથી આપણે વૈકુંઠ મંદિર બાંધવાનું છે." લોકોએ તે વાત કબૂલ કરી અને ઊંચે અવાજે આપાની જે બોલાવી.

આમ જનસમાજની અજ્ઞાનતાનો લાભ લઈ ઇચ્છાઓ પોષવા નીકળેલા અને પછી ન છૂટકે ભેરવજપ ખાનારા તથા બીજા વિશ્વાસુઓના ટાંગા ઝાલીને પરાણે ભેરવજપ ખવરાવનારાનો જગતમાં હજુ તોટો નથી. સાચી સમજણ, વિવેક અને ધૂર્ત લોકોની પીછાણ જ્યાં સુધી માનવી નહિ મેળવે ત્યાં સુધી તે આ રીતે ઠગાવાનો જ છે અને એને લીધે તંત્રોમાં અને જાહેર તેમજ ધાર્મિક સંસ્થાઓમાં "આંધળે બહેરું" કુટાવાનું જ. પ્રભુ કૃપા કરે અને માનવીને **(૧) પોતાની જાતને ન છેતરવાની (૨) નક્કર ચારિત્રની કિંમત આંકવાની અને (૩) દંભને પિછાણવાની માત્ર દૃષ્ટિ** જ ધાર્મિક શિક્ષણથી મળે તોયે ઘણું છે.

- સદ્‌વિદ્યા - ડિસેમ્બર, ૧૯૫૫

બોકડપંથ

ગોહિલવાડમાં કુંડલા પ્રાગણના એક ગામમાં એક ભરવાડને ત્યાં એક મોટો બોકડો હતો. દેખાવમાં રૂપાળો અને શિંગડાએ નમણો હતો. આંખો મજાની માંજરી અને શરીરે પુષ્ટ હતો. ભરવાડનો તેના પર પ્રેમ હતો, તે બોકડો જ્યારે બોલતો ત્યારે બેં... બેં... શબ્દને બદલે બ્રાં... બ્રાં... બ્રાં... એવો અસ્પષ્ટ ઉચ્ચાર સંભળાતો હતો. તેના શારીરિક કારણે કે કોણ જાણે શાથી પણ તેના વૃષણના નીચલા ભાગમાંથી આંચળની માફક ધોળો દૂધ જેવો સફેદ પદાર્થ નીકળતો જણાયો એટલે ભરવાડ કહેવા લાગ્યો, "આ બોકડો તો દેવતાઈ છે, તેથી દૂઝે છે અને મોઢેથી (બ્રાં... બ્રાં...) રામ રામ બોલે છે એટલે ભગત પણ છે." આ વાત ગામમાં ફેલાવા લાગી, તેથી લોકો તો બોકડા ભગતના દર્શન કરવા આવવા લાગ્યા અને દર્શને આવનારા કંઈકને કંઈક ભેટ પણ મૂકવા લાગ્યા! ભરવાડને આ બાબત લાભદાયક થઈ પડી, એટલે તે બોકડ ભગતનો મહિમા ગાવા લાગ્યો અને તેને શણગારવા લાગ્યો! લોકો પણ બોકડભગતને ફૂલના હાર અને કંકુથી પૂજવા લાગ્યા. આમ કેટલોક સમય ચાલ્યું! એટલે તેના ભરવાડ પૂજારીએ નાનકડું મંદિર કર્યું. પછી તો દક્ષિણાના લાલચુ બ્રાહ્મણો પણ ત્યાં પહોંચ્યા અને બોકડ મહારાજનાં સ્તોત્રો, આરતી-સ્તુતિ થયાં. એટલું જ નહિ, પણ બોકડ "મહારાજની જય" પણ બોલાવા લાગી! આ બધી ધામધૂમથી ભરવાડ તો ગોકુળિયા જેવો થઈ ગયો! જ્યાં જુઓ ત્યાં બોકડ મહારાજના પરચા અને બોકડ મહારાજની માનતા અને બોકડ મહારાજના મહિમાની વાતો સંભળાવા લાગ્યાં! કેટલાક હરેક ભગતો તો બોકડ મહારાજની હજુરમાં જ રહેવા લાગ્યા! કેમકે ત્યાં માલપાણીની મજા હતી! પણ પ્રેમી ભક્તો કંઈ એટલેથી અટકે ખરા? એક સારું ગરું લાવ્યા અને તેને બળદ સાથે શણગાર્યું, ઉપર છત્ર જેવી માંડવી બાંધી અને તેમાં બોકડ મહારાજને પધરાવ્યા. સાથે પૂજારી ભરવાડને પણ ઊંચે આસને બેસાડ્યો. પછી ગામમાં ઘરે ઘરે પધરામણી ચાલી! આગળ વાજાં અને કીર્તનિયાની મંડળીથી ગામની બજાર ગાજી ઊઠી! અને વારે વારે "બોકડ મહારાજની જય" ઊંચે અવાજે બોલાવા લાગી! પાછળ ગીત ગાવા માટે બૈરાઓ તો હાજર જ હોય! આમ આખા ગામમાં બોકડ મહારાજની પધરામણી કરી ભાવિક ભક્તો ચરણસ્પર્શથી પાવન થયા! પૂજારી મહારાજનું ઘર તો ભરાઈ ગયું અને સ્તુતિ કરનારા અને મહિમા કહેનારાના ખીસા પણ ભરાઈ ગયા. પછી તો આ બોકડપંથ આસપાસના ગામડાંઓમાં પણ ફેલાવા લાગ્યો અને તેમાંથી લાભ ખાટનારા આડતિયાઓએ તો જોરશોરથી પ્રચાર કરવા માંડ્યો!

એથી બોકડ મહારાજના પરમ કૃપાપાત્ર ભક્તો તરીકે તેમના માનપાન પણ વધતાં ચાલ્યાં. ક્રમે ક્રમે બોકડપંથનો મહિમા શહેરોમાં પણ પહોંચ્યો. એટલે સટ્ટાવાળા, ફીચરિયા, લોટરી ભક્તો, પુત્રની ઈચ્છાવાળા, ભયંકર ગુન્હામાં સપડાયેલા રીઢા ગુનેગારો અને વહેમી તથા વેવલા લોકોનાં ટોળાં વગેરેનો ધસારો બોડક મહારાજ તરફ થયો! સૌને બોકડ મહારાજની કૃપાથી પોતાની મનોકામના પૂરી કરવાનું તાન હતું. હવે તો પૂજારી ભરવાડ પણ લોકોના ગાંડપણથી ચાલાક થઈ ગયો હતો. તેણે પણ બોકડ મહારાજ વતી પ્રસાદ, દોરા-ધાગા વગેરે આપવા માંડ્યા! તેમાં જેને કંઈક સવળું પડ્યું તેણે તો બોકડ મહારાજના ગભારા ચઢાવ્યા! આમ બોકડપંથની જમાવટ થઈ પડી! છેવટે આ પંથનું પરિણામ લોકોની વહેમી વૃત્તિ અને અણસમજને ચગાવીને વિરામ પામવામાં જ આવે છે, તેમ તેનું પણ બન્યું!

આ રીતો લોકોના ગતાનુગતિક સ્વભાવનો દુરુપયોગ ચાલાક, ધૂર્ત અને લાલચુ લોકો ખૂબ લે છે. તેમાં

પારમાર્થિક વાસ્તવિક હિતની બાબત તો વિસારી જ દેવામાં આવે છે, અને પોતાની પ્રતિષ્ઠા ઈચ્છતા સ્વાર્થસાધુ, પરસાદિયા તથા આત્મબળહીન લોકો તેમાં ભળીને મોટો કોલાહલ મચાવી મૂકે છે.

ભગવાન સ્વામિનારાયણે તો ઉપર જણાવ્યા તેવા લોકવંચક પ્રચારકો, વહેમી મંડળીઓ અને લેભાગુ પંથ ચલાવનારાઓનાં સ્વરુપો ઉઘાડાં પાડીને વિવેકપૂર્વકની જ્ઞાનદૃષ્ટિ તથા ધર્મસહિત ભક્તિનો ઉત્તમ આદર્શ શાસ્ત્રીય ધોરણે દૃઢપણે સ્થાપન કર્યો છે, તેનાં વિશુદ્ધ અનુયાયીઓ નિર્મળ ઉપાસનાને માર્ગે ચાલીને તેનાથી જુદે માર્ગે જતા મનસ્વી બોકડપંથોમાં કદાપિ લોભાતા નથી. કેમકે તેમને એવો દૃઢ નિશ્ચય હોય છે કે **સર્વોપરિ ભગવાન એક જ છે. તેમના જેવા થવાને અક્ષર પર્યંત કોઈ સમર્થ નથી. તેમની જ આજ્ઞા અને ઉપાસના એ સાર વસ્તુ છે.** તેમના જેવા સાચા સંતો લોકોને ભગવાનમાં જોડવા માટે પાત્રતા પ્રમાણે ક્રમિક વિકાસને માર્ગે દોરે છે. પણ બીજા અવાંતર કોઈના મહિમાથી ભગવાનનો કે ભગવાનના વચનોનો મહિમા ગૌણ થાય તેવી અન્યથા પ્રવૃત્તિ કરતા નથી, તેમ બોકડપંથની માફક પૂજવા પૂજાવાના પ્રપંચમાં પડતા નથી. કેમકે ભગવાન સ્વામિનારાયણે મનુષ્યોને અનેક મતપંથોની વિષમતાઓમાંથી ઉગારી લેવા સર્વજીવહિતાવહ એવો વિવેકપૂર્ણ ધોરી માર્ગ સ્થાપ્યો છે, તેના જ તેઓ વફાદાર સેવકો બની રહે છે.

- સદ્‌વિદ્યા – ઓગસ્ટ, ૧૯૫૫

બાળ વિકાસની જાદુઈ છડી - વાર્તા

વાર્તાના માધ્યમ થકી બાળકને કહેવાની ગંભીર વાત સહજ રીતે કહી શકાય છે. વાર્તા એ કેવળ બનાવો નથી પણ શબ્દનાં મોજાં પરની સહેલગાહ છે. અવાજ એ શબ્દનું વાહન છે. અવાજ બાળકને કર્ણપ્રિય બને અને સન્માર્ગે વળે એવા પ્રયત્નો વાર્તા થકી થવા જોઈએ. વાણીમાં આરોહ-અવરોહ અને ઘટનાને અનુરૂપ હાવભાવ લાવીને ખૂબ સંયમથી વાર્તા પ્રગટ કરવી જોઈએ.

કલ્પનાલોકમાં વિહરવાનું બાળકિશોરોને સહજ આકર્ષણ રહે છે. આ કલ્પનાવિહારની સાથોસાથ તેજસ્વી જીવનની પ્રેરણા પણ મળે છે.

વાર્તા થકી બાળકને થતા લાભો તરફ દૃષ્ટિપાત કરીએ.

* બાળકની કલ્પનાશક્તિ તેમજ તર્કશક્તિનો વિકાસ થાય છે.
* મૌલિકતા વિકસે છે. શબ્દભંડોળ-ભાષાભંડોળ વધે છે.
* બાળક તોફાને ચડ્યું હોય ત્યારે તેનું ધ્યાન ડાયવર્ટ કરવા વાર્તા અસરકારક નીવડે છે.
* ઊંચા જીવનમૂલ્યો અને ઉત્તમ ગુણો વિકસાવવા માટે વાર્તાના પાત્રો દ્વારા તે મૂલ્યો કે ગુણો વિકસાવી શકાય છે.
* ખોરાકમાં બાળક નાપસંદગી બતાવે તો પોતાના હિત અને સ્વાસ્થ્ય ખાતર પણ બાળકે તે ખોરાક લેવો જ જોઈએ તે વાત વાર્તાના પાત્ર દ્વારા સમજાવી શકાય છે.
* બાળક માટેની લાભકારક અને હાનિકારક બાબતો વાર્તા દ્વારા કહી શકાય છે.
* સારી ટેવો કેળવવામાં તેમજ સામાજિક સભ્યતાનો દેખાવ, સહિષ્ણુતા અને વ્યક્તિત્વની વાત વાર્તા દ્વારા શીખવી શકાય.
* પ્રેમ, સહિષ્ણુતા, નિઃસ્વાર્થપણું, સેવાભાવ, પ્રામાણિકતા, જ્ઞાનની પીપાસા, જૂઠ અને દંભનો અભાવ, કર્મનિષ્ઠા, આપત્તિઓમાં ટકી રહેવાની આવડત, સ્વ અને પરસન્માનની વૃત્તિ, સાચા ખોટાની વચ્ચે ભેદ પારખવાની શક્તિ મળે છે.

- 'આદિત્ય કિરણ'માંથી સાભાર

દિવ્ય પ્રતિજ્ઞા

દ્વાપર યુગમાં શાંતનું રાજાને વૃદ્ધ ઉંમરે ઢીમરની કન્યા મત્સ્યગંધા સાથે લગ્ન કરવાની ઇચ્છા થઈ, પણ ઢીમર પોતાની કન્યા રાજાને આપવા ઇચ્છતો ન હતો. કેમકે રાજાની રાણી થઈને પોતાની પુત્રી સુખને બદલે દુઃખમાં જ દહાડા કાઢે, એમ તે માનતો હતો. રાજાને ત્યાં બીજી રાણી છે તેમાં ઢીમરની કન્યાનાં માનપાન ક્યાંથી સચવાય? પછી તો એની અપમાનીતી થઈને બંદીખાને પડવા જેવી જ દશા થાય ને! જ્યારે શાંતનુ રાજાએ ઢીમરના આવા વિચારો જાણ્યા અને કહ્યું, કે "તારી પુત્રીને માનીતી રાણી કરીને રાખીશ, તું એવી ચિંતા ન કર. ત્યારે ઢીમરે બીજી વાત મૂકી, કે વારુ, કદાચ તમે તેને માનીતી રાણી કરીને રાખો, પણ જ્યારે તમારી બીજી રાણીનો દીકરો ગાદીએ આવે, ત્યારે તો તે રાજમાતા થાય, પછી તમારું શું ચાલે? પછી તો મારી દીકરીના ખરાબ હાલ જ થાય ને! માટે જો તમારા રાજપાટનો હકદાર વારસ મારી દીકરીનો દીકરો થાય એવું કરો. તો જ હું મારી દીકરી તમને પરણાવું." આ માગણી સાંભળીને શાંતનુ રાજા તો ગંભીર વિચારમાં પડી ગયા. તેણે વિચાર્યું કે એ કેવી રીતે બની શકે? અત્યારે જ મારો પુત્ર જે ગંગાથી જન્મ્યો છે તે દેવવ્રત (ગાંગેય અથવા ભીષ્મ) ગાદીનો વારસ છે, તેનો હક કેમ છીનવી લેવાય? અને એ પુત્ર પણ પોતાનો હક કેમ જતો કરે? પછી તો આ મુંઝવણમાં અને કન્યા પરણવાના મોહમાં રાજા શાંતનુ દુઃખી રહેવા લાગ્યા. આ વાતની જ્યારે ખાટવીપુત્ર દેવવ્રતને જાણ થઈ, ત્યારે તેણે સામે ચાલીને પિતાના સુખને માટે ઢીમર પાસે જઈ તેને વચન આપ્યું કે, "જો તું મારા પિતાને તારી પુત્રી પરણાવે, તો હું મારી ગાદીનો હક જતો કરું છું". ઢીમર પણ કાચો ન હતો. તેણે તો એક બીજી જ નવી દલીલ ઊભી કરી, કે મહારાજ! તમે તો ભલા છો, ઉદાર છો તેથી તમે ગાદી છોડો છો, પણ ભલા! તમારો પુત્ર થાય તે પાછળથી ગાદી માટે ઝઘડો કરે, તો પછી મારી દીકરીના દીકરા દુઃખી જ થાય ને?" આ વાત સાંભળી દેવવ્રત સજ્જડ થઈ ગયા! પણ એમણે તો પિતાની ઇચ્છા પૂર્ણ કરવાનું મનમાં નક્કી કર્યું હતું, એટલે એ જ વખતે એમણે પ્રતિજ્ઞા કરી કે "હું જીવન પર્યંત બ્રહ્મચર્ય પાળીશ અને લગ્ન નહીં કરું, તેથી મારા વંશવારસ તરફથી ગાદી માટેની તકરારનો પ્રશ્ન નહીં રહે!" આથી ઢીમરે પોતાની પુત્રી રાજા શાંતનુને આપી હતી. પણ દેવવ્રતે પૂરતા વિચારપૂર્વક, પિતાના સુખના હેતુથી જીવન પર્યંત બ્રહ્મચર્ય પાળવાની ભયંકર પ્રતિજ્ઞા કરી! તેથી તો તે જગતમાં ભીષ્મપિતામહના નામથી આજ સુધી ગવાય છે.

પરંતુ આવા કોઈ નિશ્ચિત હેતુ માટેની ઇચ્છા ન કરી હોવા છતાં ગૃહસ્થાશ્રમના દ્વારમાં પેસતા જ કોઈ આદેશ સમી વાણી શ્રવણે પડતા જ જ્યારે કોઈ પતિ-પત્ની આજીવન બ્રહ્મચર્યની પવિત્ર પ્રતીજ્ઞાની ભવ્ય દીક્ષા સ્વીકારે છે, અને ગૃહસ્થાશ્રમના શરુઆતના સાંસારિક પ્રવાહને બીજી જ ક્ષણે બ્રહ્મચર્યના ઉચ્ચ પંથે અતિશય પ્રસન્નતાપૂર્વક વાળી દઈને તેને જીવન પર્યંત ટકાવે, ત્યારે એ પ્રતિજ્ઞા ભીષ્મ કરતાં ચઢિયાતી એટલે દિવ્ય બની જાય છે.

ઝાલાવાડના મેથાણ ગામના બે બ્રાહ્મણ ભાઈઓ દેવરામ અને ગોવિંદરામ ભગવાન સ્વામિનારાયણના સમકાલીન હતા. દેવરામે નાનાભાઈ ગોવિંદરામનું વેવિશાળ સારા કુટુંબમાં સુંદર કન્યા જોડે કર્યું અને તે ઉંમરલાયક થતા યથાશક્તિ ધામધૂમથી તેમનો વિવાહ લાડેકોડ કર્યો. બન્ને ભાઈઓ પવિત્ર વૃત્તિથી સત્સંગના નિયમો પાળીને શ્રીજીના દૃઢ આશ્રિત તરીકે સુખી જીવન ગાળતા હતા. તેમની પ્રતિષ્ઠા પણ લોકમાં સારી હતી. ગોવિંદરામ પરણીને પત્ની સાથે ઘરે આવ્યા ત્યારે ખબર પડી કે ભગવાન સ્વામિનારાયણ પોતાના ગામ મેથાણમા પધાર્યા છે આથી મોટા ભાઈ દેવરામે વિચાર કર્યો કે બહુ સારો યોગ મળ્યો છે, આપણા ઇષ્ટદેવ અને પ્રગટ ભગવાન આ પ્રસંગે આપણે ત્યાં આવ્યા છે, તો ચાલો વરઘોડિયાંને પગે લગાડીને આશીર્વાદનો અમૂલ્ય લાભ લઈએ.

ભગવાન સ્વામિનારાયણ મેથાણના દરબાર શ્રી કાકાભાઈને ત્યાં બિરાજતા હતા ત્યાં ગોવિંદરામ તથા તેના પત્ની અમૃતબાઈ જે હજુ લગ્નના શણગારમાં જ હતા તેમને તેડીને દેવરામ આવ્યા અને વરઘોડિયાને આગળ કરીને મહારાજને ચરણે નમાવ્યાં. પગે લાગતાં એ નવદંપતિને જોતા જ ભગવાન સ્વામિનારાયણ કોણ જાને કયા હેતુથી, પણ બોલી ગયા કે "શુ ભાઈ બહેન બન્ને આવ્યા છો?" બસ! એ ભાઈ બહેન શબ્દે પતિ-પત્ની બન્નેના દૈવી હૃદયમાં જ નહિ પણ આત્માના ઊંડાણમાં આકાશવાણીની પેઠે પ્રવેશ કર્યો અને એ બન્ને સસ્કારી આત્માઓએ એ જ સ્થળે પોતાના હૃદયમાં એક પવિત્ર આદેશ મળ્યો હોય, તેવી દૃઢતાની ગાંઠ વાળી લીધી અને અત્યાર સુધીમા જે વિચાર સ્વપ્નમાં પણ ન હતો, તે બ્રહ્મચર્ય પાળવાનો સંકલ્પ ખડો થયો! અહા! તેમણે લગ્નજીવનમા જે જે વિચારો લગ્ન થતા સુધીમાં, અરે અહીં પગે લાગવા આવતા સુધીમાં કરી રાખ્યા હતા, તે સર્વેને એક જ ધડાકે તિલાંજલી આપી દીધી! જેમ એક મોટી સુરંગ ફૂટતાં મહાન ખડકના ચૂરેચૂરા થઈ જાય તેમ પોતાના ઇષ્ટદેવના એક જ ઉચ્ચાર માત્રથી તેમણે જગતની દુર્વટ વિષયવાસના અને સસારના સુખોના પહાડને સુરંગ ચાપી દીધી!

ગોવિંદરામ અને તેનાં પત્ની અમૃતબાઈએ ત્યાંથી અખંડ બ્રહ્મચર્યથી પળાતો સાંખ્યયોગ સ્વીકાર્યો અને બન્ને એક ઘરમાં રહેવા છતાં ભાઈ બહેન જેવા બની પોતપોતાની રીતે સત્સંગની સેવામાં જોડાઈ ગયાં. પાચ-દશ દિવસ, માસ કે વર્ષની વાત નથી, પણ આખી જિંદગી સુધી અસિધારાવ્રતનો સાંખ્યયોગ પાળીને તેમણે અનેક નર-નારીને સત્સંગી કર્યાં અને ભગવાન સ્વામિનારાયણની અતિશય પ્રસન્નતા મેળવી હતી. વિશેષ કરીને અમૃતબાઈએ તો સમગ્ર ઝાલાવાડમા ઉપદેશથી અને પોતાના વિશુદ્ધ આદર્શથી ગરાસિયા કુટુબોમા સ્ત્રીવર્ગને ઘણો જ સુશિક્ષિત અને ધર્મનિષ્ઠ બનાવી દીધો! હજુ પણ એ અમૃતબાએ કરાવેલા સત્સગના સસ્કારો ઝાલાવાડમા ટકી રહ્યા છે અને પુરુષવર્ગના સત્સંગ કરતાં પણ સ્ત્રીવર્ગનો સત્સંગ વિશેષ ઉજજવળ, દૃઢ અને બળવાન છે.

આ રીતે ઇચ્છા ન હતી છતાં અચાનક એક માત્ર ઇષ્ટદેવના કોઈ અગમ્ય ઉચ્ચાર માત્રમાં જ પતિ-પત્ની બન્ને અતિશય પ્રસન્નતાપૂર્વક જીવન અર્પણ કરે અને ભીષ્મપિતામહ કરતાં પણ અધિક બ્રહ્મચર્ય પૂર્ણ, પવિત્ર અને ભક્તિ પરાયણ બની રહે, એ જીવનના મૂળમાં રહેલી પ્રતિજ્ઞામાં ભીષ્મપણાં કરતાં કેટલુ દિવ્યપણુ રહેલું છે! સત્સંગમાં ભગવાન સહજાનંદ સ્વામીએ પ્રવર્તાવેલી આ દિવ્યતાનાં અદ્‌ભૂત દર્શન એ ઇતિહાસનું અનેરું પ્રકરણ છે.

જગતમાં નિશ્ચિત ધ્યેયને અનુસરતું ચરિત્ર ઘડવાના અનેક પ્રયત્નો થયા છે અને થાય છે, તેને અંગે શાસ્ત્રોના અને સજ્જનોના ઉપદેશો પણ અનેક પ્રકારના થયા કરે છે, પરંતુ તેની અસર માનવહૃદય ઉપર કેટલા અલ્પ પ્રમાણમાં થાય છે, અગર નથી થતી એ સર્વત્ર જોઈ શકાય છે, ત્યારે ઉપરના ઐતિહાસિક પ્રસંગમાં એક લગ્નના કોડ ભરેલા દંપતિએ પ્રથમ દિવસે જ ઇષ્ટના માત્ર એક ઉચ્ચારને પોતાના જીવનના આદેશ તરીકે ક્ષોભ વગર સ્વાભાવિક રીતે સ્વીકારી લઈને અત્યંત સંતોષ અને આનંદપૂર્વક ભાઈ-બહેન જેવા જ સંબધથી સાથે રહીને વ્રત પાળ્યું અને જિંદગી સત્સગની સેવામાં અર્પણ કરી, એ દિવ્ય પ્રતિજ્ઞાની પાછળ કેટલી નિષ્ઠા અને સમર્પણની દૃઢ તૈયારી હશે તેની કલ્પના પણ હૃદયને ભક્તિભાવથી ભરી દે છે.

– સદ્‌વિદ્યા – નવેમ્બર, ૧૯૫૪

હોઉં તો હોઉં

જૂના વખતની એક વાત છે કે કોઈ એક દરબારની રાજધાનીમાં એક શેઠનો વણજ વેપાર સારો ચાલતો હતો. તેનો દસ- બાર પેઢીથી ત્યાં જૂનો વસવાટ હતો. શેઠ વ્યવહારે સુખી હતા અને દરબારમાં પણ તેનો માન-મરતબો સારો હતો. સુખી અને સારા માણસની ઈર્ષ્યા કરનારની જગતમાં કદી ખોટ પડી નથી. એ રીતે આ શેઠ તરફ ઈર્ષ્યા રાખનારાઓ તેનો પગ રાજા પાસેથી કઢાવી નાખવા માટે નિરંતર કાવાદાવા અને ખટપટ કર્યા કરતા હતા અને શેઠની કોઈ પણ કસુર બતાવી દેવા તત્પર રહેતા હતા. તેની દરરોજની ખણખોદથી દરબારના મનમાં શેઠ તરફ કંઈક અરુચિ પેદા થઈ. તેવામાં કેટલોક સમય વીત્યા બાદ કોઈ એવો અઘટિત બનાવ બન્યો કે જેથી દરબારને મુશ્કેલી ઊભી થઈ. ખટપટીયા લોકોએ આ તકનો લાભ લઈ બધો વાક પેલા શેઠ ઉપર ઉતાર્યો. પછી તો "રાજા, વાજા ને વાંદરા, જેમ નચાવે તેમ નાચે!" એ કહેવત પ્રમાણે સત્તાધીશ જ્યારે પોતાની સ્વયંપ્રજ્ઞા (ઘરની અક્કલ) અને આત્મબળ વગરનો હોય છે ત્યારે તો ની સત્તાનો ઉપયોગ નજીકના લુચ્ચા, લબાડ અને સ્વાર્થી લોકો મન ફાવે તેમ કરી લે છે. એ જ રીતે આ દરબારના દિલમાં શેઠનો પૂરો અભાવ ઘાલીને પ્રપંચીઓએ એવો હુકમ કરાવ્યો કે, "શેઠે ચોવીસ કલાકમાં દરબારની હકુમતમાંથી નીકળી જવું." આ હદપારનો હુકમ તાત્કાલિક અમલમા મૂકવાની ઉતાવળી તજવીજ પણ તેમણે કરાવી! શેઠ સમજી ગયા કે આ બધું દુષ્ટ લોકોનું કૌભાંડ છે; પણ જ્યાં સત્તાધીશ બીજાના હાથનું રમકડું બનેલ હોય ત્યાં સારાસારનો વિચાર કોને સમજાવવો? શેઠે તો સમય વર્તીને તુરતજ ઊચાળા ભરી દરબારનું ગામ છોડી દીધુ! ગામમાં જે સજ્જનો હતા તેમને આથી ઘણો ત્રાસ છૂટ્યો, પણ બીજો ઉપાય નહોતો. પરંતુ શેઠ જેમ ચતુર તેમ સમયસૂચક પણ હતા.. તેમણે પોતાની મિલકત તથા કુટુંબને થોડા એક ગાઉ દૂર પહોંચાડ્યા. તેમને બાપ-દાદાનું વહાલું વતન છોડવું તો ગમતું ન હતુ વળી તેને ખબર હતી કે આ બધું કૌભાંડ દ્વેષી લોકોનું છે અને દરબાર તો તેનું રમકડું બનેલ છે તેણે વિચાર્યું કે આપણે પણ એક યુક્તિ શા માટે ન અજમાવવી?

ત્રીજે દિવસે શેઠ એકલા જ દરબારની કચેરીમાં પાછા આવ્યા અને તેના બે હાથમાં નાળિયેર હતું અને ઉપર કંકુવાળો રુપિયો હતો. કચેરીના સર્વે લોકો તેને કુતુહલથી જોઈ રહ્યા! પેલી દ્વેષી ટોળકીની આંખો તેના તરફ કરડી થઈ અને દરબારે પણ તેની સામે ભવાં ચઢાવ્યાં અને તાડૂક્યા, "અલ્યા! તું કેમ પાછો આવ્યો? તને હદપાર કર્યો છે ને?" પ્રપંચી પાસવાનોએ એ અવાજને ઝીલી લીધો અને બોલી ઉઠ્યા, "હા બાપુ! આપના હુકમનુ આમ અપમાન કેમ કરાય?" ત્યા તો બાપુએ હુકમ કર્યો, "કાઢો તેને ગામ બહાર!" શેઠ કહે, "બાપુ! આ ચાલ્યો, પણ મહેરબાની કરીને આ રુપિયો અને આ નાળિયેર આપને ચરણે મૂકી અને આપની ચરણરજ લેવા દો. પછી આવ્યો એવો જ જતો રહું." બાપુ કહે, "અલ્યા! રુપિયો અને નાળિયેર વળી શાનાં?" શેઠ કહે, "બાપુ! મેં આપની

માનતા કરી છે, તેથી આ પગે મૂકીને ચરણરજ લેવા આવ્યો છું." બાપુ કહે, "શેની માનતા? માનતા તો દેવની હોય. મારી માનતા કેવી?" શેઠ કહે, "બાપુ! આપ તો દેવમૂર્તિ છો. આપની જ માનતા કરી છે. વાત એમ બની કે હું મારા બાળબચ્ચાં લઈને દૂર રણમાં નીકળી ગયો, ત્યાં બહુ સખત તાપ પડ્યો, રેતી ધગધગી ઊઠી અને ક્યાંય છાંયો ન મળે. મારા છોકરા અને અમે પાણી વિના વલવલવા માંડ્યા! ગળે શોષ પડ્યા! બાપુ! ઈ ટાણે મરીએ તો અમે જ મરીએ! પણ ભગવાનને કરવું છે; ને તે એવે ટાણે આપનું સ્મરણ થયું. પછી તો અમે આપની પ્રાર્થના કરી, કે "હે અમારા રાજા! હે બાપુ! તમે તો દેવમૂર્તિ છો. અરે! ભગવાનનું સાક્ષાત રૂપ છો. અમને પાણી પાઓ અને બચાવો, જેથી અમે સામે ગામ પહોંચી જઈએ જો અમે જીવતા રહીશું તો આપને પગે રુપિયો અને નાળિયેર મૂકી આપની ચરણરજ માથે ચઢાવ્યા પછી જ હું અનાજ લઈશ." બાપુ કહે, "અલ્યા! હું તો અહીં જ બેઠો છું. ત્યાં વળી પાણી પાવા ક્યાંથી આવું?" શેઠ કહે, "અરે બાપુ! મોટી વાત જ એ છે ને! કે આપ તુરતજ પધાર્યા! અહાહા...! શું તમારી દયા! અને ધોળા ઘોડા પર અસવારી કરી હતી અને હાથમા ટાઢા પાણીનો મોટો કુંજો હતો અને અમને બધાને પાણી પાઈને જીવનદાન દીધુ! ઘણી ખમ્મા પૃથ્વીનાથ! આપના જેવા દેવ રાજા થયાય નથી ને થાશેય નહીં! આપની કાયા અમર રહો! બાપુ! હવે મને ચરણરજ લેવા દો એટલે બસ. પછી હું તુરત જ ગામ બહાર નીકળી જાઉં!" બાપુ કહે, "અલ્યા! પણ મને આ કશીયે ખબર નથી, ને તું આ પાણી પાવાની શી વાત કરે છે?" શેઠ કહે, "બાપુ! આપ તો દેવ જેવા છો!! ભલે તમે ન માનો પણ મને તો આવા ને આવા સાક્ષાત્ દર્શન થયાં અને આપે જ પાણી પાયું તેથી અમે જીવતાં રહ્યાં."

એ સાંભળીને દરબાર તો ગંભીર બનીને અંતરમાં ઊંડા ઊતરી ગયા! કચેરી બધી સ્તબ્ધ થઈ ગઈ! થોડી વારે બાપુ દિવાન સામે જોઈને બોલ્યા, "દિવાનજી! આ શેઠ કહે છે તેમ પાણી પાનાર રખે ને હું હોઉં તો હોઉં!" દિવાનજી કહે, "હોય મહારાજ! આપ તો મહાપુરુષ છો. બનવાજોગ છે." બાપુ વધારે ગંભીર બની ગયા. પછી તો શેઠનો ગુન્હો માફ થયો અને પાછા ગામમાં કાયમ રાખ્યા. પણ બાપુનાં મનમા ત્યારથી અભિનિવેશ થઈ ગયો કે દેવ રુપે, **"હું હોઉં તો હોઉં!"**

એ રીતે મનુષ્યને પોતાનું દેહાભિમાન એટલું સજ્જડ થઈ ગયેલું હોય છે કે બે માણસ માનવા, પૂજવા કે વખાણવા લાગે ત્યારે તેનું મન તેને મનાવવા મંડી જાય છે કે, "હું મોટો, હું મહાપુરુષ, હું સદ્‌ગુરુ, હું પંડિત, હું અગ્રેસર, અરે ભગવાન પણ હું હોઉં તો હોઉં! " આવો ભ્રાંતિજનક અને પોતાના જ આત્માને છેતરતો મિથ્યા અભિનિવેશ (ગંડવા) અનેકને ભૂતકાળમાં દેખાયો છે. શ્રીજી મહારાજના અતુલિત પ્રકટ પ્રતાપથી મુગ્ધ બની તેની ચાલે ચાલી અતિ ઉત્સાહમાં કેટલાક સ્વયંમન્ય જનોએ પોતાને ભગવાન, અવતાર કે મહાપુરુષ કે મુક્ત વગેરે મનાવવા અને પૂજાવાના મોહમાં ઠીક ઠીક ઠઠારા કરેલા પણ, એ નકલી મોટાઈ ટકી નથી. અમુક વેવલા, પ્રેમલા અને ભોળા જનોના માનપાન, પૂજા, પ્રતિષ્ઠામા ગુણવાન કે અમુક શક્તિશાળી વ્યક્તિઓ પણ મિથ્યા અભિનિવેશમા અટવાઈ જઈને "હું હોઉં તો હોઉં" એમ માની લે છે. જ્યારે તેવા મનુષ્યને આવો ગંડવા ઉપડે છે ત્યારે તો તેના મહિમાના ઝાંઝ પખાજ વગાડનારા યુક્તિબાજ લોકો તેને અંતે પોતાની મહત્તાને વધારવાનો સ્વાદ માણવા માંડે છે. આમ એ ગંડવાનો ચેપ સારી પેઠે ફેલાતો જાય છે.

આવો ગંડવા સત્સંગના ઉમદા મૂળ તત્ત્વો, વિવેકપૂર્વકનો ધર્મે સહિત ભક્તિભાવ તથા શ્રીજીના સિદ્ધાંતોમાં રહેલ નિર્વિકલ્પ સેવા ભાવનાને જબરો ધક્કો લગાડે છે, માટે સાચા સત્સંગીઓએ "હું હોઉં તો હોઉં" એવા મિથ્યા અભિનિવેશથી દૂર રહીને એવી વૃત્તિઓનુ પોષણ કરનારથી પણ સાવધ રહેવું ઘટે!

- સદ્‌વિદ્યા – માર્ચ, ૧૯૫૪

લોક કલ્યાણની ધગશ

ગુજરાતમાં કઠલાલ નામે ગામમાં એક રામબાઈ નામે ડોશીમા રહેતા હતાં. શરીરે વૃદ્ધ પરંતુ સત્સંગના નિયમો ખબરદાર થઈને પાળતા હતાં. આખા ગામમાં એ ડોશી એકલાં જ નિયમધારી સત્સંગી હતાં. ગામમાં વસ્તી તો ઘણી હતી, પણ તેમાં જાત જાતના ફેલ ફીતુરને લીધે સદાચારનું કશુ ઠેકાણુ ન હતુ ગામની આવી સ્થિતિ જોઈને ડોશીમાનું હૃદય ચરચરાટ બળ્યા કરતું. તે કદાચ કોઈને કહેવા જતાં, તો કોઈ તેના ઉપર લક્ષ આપતું નહીં. એ સમયમા સમાજને વ્યસનો, વહેમ અને દુરાચારે ઘેરી લીધો હતો. આ સ્થિતિમાથી લોકોને ઉગારી લેવા માટે કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતના પ્રદેશોમાં ભગવાન સ્વામિનારાયણ અને તેમના સમર્થ પરમહસો રાત્રિ-દિવસ મહાપ્રયત્ન કરી રહ્યા હતા. આ જ સમયમાં ડોશીમાએ સત્સગની દીક્ષા લીધી હતી, પરતુ સત્સગની દીક્ષા એ માત્ર કંઠી બાંધવી એટલા પૂરતી ન હતી, પણ એ દીક્ષા તો સત્સગના પુનિત સદેશારુપ બને તેમ તેને પ્રચારવાનો પણ તેમાં આદેશ હતો.

એ વૃદ્ધ ડોશીમા એ સંદેશાનો પ્રચાર તો અભણ દશામાં શી રીતે કરી શકે? છતાં તેમના હૃદયમાં રહેલી સત્સંગની ધગશ મંદ થઈ ન હતી. તેમના મનમાં એક જ રટણ હતું કે આ કઠલાલ ગામના નાના-મોટાં, ઊંચા-નીચા સર્વ જનોનું કલ્યાણ થાય. તેઓ બધાને હું સદાચારી અને સુખી ક્યારે દેખું? અરે! એ બધાની બુદ્ધિ પવિત્ર શી રીતે થાય? આ પ્રકારનુ તેમનુ ચિંતવન, પાઠપૂજા, નામ-સ્મરણ સર્વદા ચાલુ જ રહેતું.

એક દિવસના મંગલ પ્રભાતે ડોશીમા પોતાનો ઘડૂલો લઈને ગામને પાદર કૂવા ઉપર પાણી ભરવા આવ્યા, એ જ વખતે અચાનક ભગવાન સ્વામિનારાયણ માણકી ઘોડી ઉપર સવાર થયેલા નીકળ્યા તેમની સાથે કાઠી પાર્ષદો પણ હતા. ડોશીમાએ દૂરથી દર્શન કર્યાં અને તેમના ગાત્રો પ્રેમથી પુલકિત થયાં. દોડીને તેમને પ્રણામ કરતા પહેલા તો તેમને ગામના લોકોનુ કલ્યાણ કરવાનો દૃઢ થયેલો સકલ્પ જાગૃત થયો અને એક વિચાર આવતાં ઉતાવળે ઉતાવળે કુવામાંથી પાણીનો ઘડો કાઢ્યો, તેવામાં તો ભગવાન સ્વામિનારાયણ તેમની સખા મંડળી સાથે રવાના થઈ ગયા! ડોશીમાએ તો પાણીથી ભરેલો ઘડૂલો માથે મૂકી વૃદ્ધાવસ્થાથી ડગમગતા પગલે તેમની પાછળ દોટ મૂકી! પણ ઘોડા થોડેક દૂર નીકળી ગયા તો પણ બને તેટલી ઉતાવળે દોટે ડોશીમાએ પાછળ પડીને ઊંચે અવાજે ભગવાન સ્વામિનારાયણને બૂમ મારી! પણ તે તો ઘોડાની ધૂમરમાં સંભળાઈ નહિ, વધારે વેગથી દોડતા તેણે તો બૂમ ઉપર બૂમ મારવા માંડી.

છેવટે પાછળના એક અસવારે તે બૂમ સાભળી અને જોયું તો એક વૃદ્ધા માથે પાણીના એક ઘડા સાથે ભગવાન સ્વામિનારાયણને સાદ કરતી શ્વાસભેર દોડી આવે છે, એટલે તે અસવારે આગળ જઈને ભગવાન

સ્વામિનારાયણને ખબર આપ્યા કે "આપને બોલાવતી એક વૃદ્ધ માતા શ્વાસભેર દોડી આવે છે." એ સાંભળતા જ ભગવાન સ્વામિનારાયણે માણકીને પાછી વાળીને એ ડોશીમાની સામે ચાલ્યા. ડોશીમાને જોઈને તેમણે પૂછ્યું, "કેમ માડી! આમ ઘડો લઈને દોડ્યા આવો છો? શું અમને પાણી પાવું છે?" ડોશીમા કહે, "ના મહારાજ! મારે તો બીજું કામ છે. અમારા મોટા ભાગ્ય છે કે તમે આ ગામને પાદરથી નીકળ્યા. તો મારા ગામના લોકોનું કલ્યાણ કરતા જાઓ." મહારાજ કહે, "કલ્યાણ તો સૌ વર્તમાન ધારીને ભગવાનનો આશરો કરે તો જરુર થાય." ડોશીમા કહે, "અરે મહારાજ! એ તો બધા અવળી બુદ્ધિના છે, તે નિયમ કેવી રીતે ધારે? પણ તેની બુદ્ધિ સારી થાય તો તેને કઈક સવળુ સૂઝે " મહારાજ કહે, "ત્યારે તેની બુદ્ધિ સારી થવા દો." ડોશીમા કહે, "મહારાજ! એમની બુદ્ધિ સારી થાય તે માટે જ હુ આપની પાસે માગણી કરવા આવી છું." મહારાજ કહે, "એવી તમારી શી માગણી છે?" ડોશીમા કહે, "ભગવાન! મારા આ ઘડુલામાં આપના ચરણનો અગૂઠો બોળો, એ આપનું પવિત્ર ચરણોદક હુ ગામના કૂવામાં નાખીશ. એ કૂવાનું પવિત્ર પાણી ગામના લોકો પીશે તેથી તેઓની બુદ્ધિ પવિત્ર થશે એટલે તેઓ સત્સંગી અને સદાચારી બનશે." મહારાજ તો પ્રસન્નતાપૂર્વક ડોશીના લોક કલ્યાણના ભાવભર્યા ચહેરા સામે જોઈ રહ્યા! અને પછી સાથેના કાઢી સખાઓને કહ્યુ, "આ ડોશીની લોક કલ્યાણની ધગશ તો જુઓ! આવા નિષ્કામ પ્રબળ સંકલ્પની સિદ્ધિ કેમ ન થાય?"

પછી ભગવાન સ્વામિનારાયણે અતિશય પ્રસન્ન થઈને પોતાના જમણાં ચરણના અંગૂઠા વડે ડોશીમાના ઘડાના જળને સ્પર્શ કર્યો. ડોશીમા જાણે કૃતાર્થ થઈ ગયા હોય તેમ તેનુ હૃદય આનંદથી ઊભરાઈ રહ્યું. પછી તે પવિત્ર જળ તેમણે ગામના કૂવામાં નાખ્યું! ખરેખર ડોશીમાનો સંકલ્પ ફળ્યો. અમુક સમય જતાં ગામલોકોમાં સદ્‌ભાવના જાગી અને ગામલોકોના ઘણા મોટા ભાગે સત્સંગના નિયમો ધાર્યા. તેથી તેઓ સદાચારી અને સુખી થયા. તેમની શુભ પરંપરા હજુ પણ કઠલાલ ગામમાં વર્ષોથી ચાલી આવે છે. "અહા! કેટલો પ્રબળ લોક કલ્યાણનો અજબ સંકલ્પ!!"

– સદ્‌વિદ્યા – ઓક્ટોબર, ૧૯૫૪

ખીલીને મરવું

શીમળાનું એક ઝાડ ઝાડ પર ફૂલ બેઠુ, હજુ એ પૂરુ ખીલ્યુ નહોતુ. એક માણસે આવી કહ્યુ – "અરે આ શીમળાનુ તે કઈ ફૂલ છે ? શો ખપ છે એનો ? એનામા નથી ગુણ, નથી રુપ કે નથી સુગધ ! છી !" સાભળી ફૂલ કહે – "ભ ભાઈ તારી વાત સાચી છે મારામા નથી ગુણ, નથી રુપ, નથી સુગધ". નિદુક કહે – "તો એમથી કાઈક સમજ, તારામા નથી ગુણ, રુપ કે સુગધ. તારે જીવીને શુ કામ ? મરી જા . ફૂલ કઈ બોલ્યુ નહી.

બીજે દિવસે ફૂલ થોડુ વધારે ખીલ્યુ નિદુકે કહ્યુ – "નિર્લજ્જ, તારે જીવીને શુ કામ ? દુનિયાને તારો શો ખપ ? તારામા નથી ગુણ, મરી જા ! મરી જા ! ફૂલ કઈ બોલ્યું નહી . વળી એ ખીલ્યુ નિંદકે ફરી કહ્યું – "તું એકદમ નિર્લજ્જ છે, નફ્ફટ છે તારામા નથી ગુણ, નથી રુપ કે નથી સુગધ... તારુ કોઈ મૂલ્ય નથી મરી જા ! મરી જા !" .

કવે ફૂલ બરાબર ખીલી ઉઠ્યુ કતું કરી નિદુક તેની પાસે આવ્યો. કવે ફૂલ બોલ્યું "ભાઈ, તુ નિંદા કરતો રહ્યો ને હું મારું કામ કરતું રહ્યુ, જો મેં તારી નિંદા સાભળી હોત તો હું આજે આવુ પરિપૂર્ણ ખીલી શકત નહિ, ખીલવાનુ મારુ કામ કતું તે મેં કરી નાખ્યુ. કવે થોડીથી મરીશ."

નિદુક – "ત્યારે વહેલુ વહેલુ મરી જા "

ફૂલ – "મરવાનુ તો છે જ ને ભાઈ પણ હુ માનુ છુ કે મરવુ તો સોળે કળાએ ખીલીને મરવું, કામ પુરુ કરીને મરવું. નિંદાથી ઘવાઈને અધવચ્ચેથી કામ છોડી દઈ વગર મોતે શા માટે મરવુ ?"

વૈકુંઠમાં વાંદરું !!!

કોઈ એક શેઠ મોટો ધનાઢ્ય અને વૈભવશાળી હતો, પરંતુ સપત્તિ મેળવવામા તેણે આખી જિંદગીમાં નીતિ-અનીતિનો વિચાર જ ન કર્યો હતો. અતિ તૃષ્ણા અને વિષયોની લોલુપતામા જ આયુષ્ય વીતાવતો હતો. દાનપુણ્યમાં કદાપિ તેણે લાંબો હાથ ન કર્યો હતો. કુસંગ અને વ્યસનોમાં તેનું ચિત્ત મશગુલ રહેતું. આમગપ્પાં અને ઠઠ્ઠા ટીખળ એ એનો નિત્ય નિયમ હતો. સત્પુરુષો અને સજ્જનોની નિંદા એ એની મનગમતી મોજ હતી.

એક વખત એની એક ગાય મરવા પડી. તેના નોકરે આવીને ખબર આપ્યા કે ગાય બહુ માંદી થઈ છે, બચે તેમ લાગતું નથી તે સાંભળી શેઠે ઉતાવળે કહી દીધું કે, "જા, દઈ દે બ્રાહ્મણને" (નોકર પણ શેઠને લાયક મળેલો, કેમકે જયા જેવુ વાતાવરણ હોય ત્યાં તેવા જ પાત્રો એકઠા થાય છે.) નોકર કહે, "અરે શેઠજી! વખત છે ને ગાયની આવરદા હોય તો જીવે પણ ખરી, તો પછી પાછી નહી લેવાય!" શેઠ કહે, "હવે જાને! જીવી જાય તો ભલે બ્રાહ્મણ દોહી પીએ." આટલો શુભ સંકલ્પ કોઈ પૂર્વના પુણ્યને લીધે તેના મનમાં અકસ્માત આવી ગયો! નોકરે તો શેઠના વતી બ્રાહ્મણને સમજાવી ગાયનો સંકલ્પ કરાવી દીધો. પણ પછી પાંચ જ મિનિટે ગાય મરી ગઈ!

અમુક સમય જતાં શેઠ માદગીને લીધે મરવા પડ્યો અને ભયંકર યમદૂતોએ એના વ્યગ્ર થયેલા પાપાત્માને ધર્મરાજા સમક્ષ ખડો કર્યો. ધર્મરાજાને તેના પાપાચરણથી મનમાં ક્લેશ થયો. તેમણે કહ્યું, "રે અભાગી જીવ! તે આખો જન્મારો બહુ પાપમાં ગાળ્યો છે, તેથી તારે અસહ્ય નરકના દુઃખો ભોગવવાં પડશે. માત્ર પાંચ મિનિટનું પુણ્ય એક ગાય આપવાના શુભ સંકલ્પ પૂરતું છે. બોલ, તારે એ પુણ્ય પ્રથમ ભોગવવું છે કે પછીથી?" શેઠની પ્રકૃતિમાં લુચ્ચાઈ, દોંગાઈ અને પાપ બુદ્ધિ દઢ થયેલી હતી. એવા આત્મામાં સારો ભાવ કેમ સ્ફૂરે? તે તો કહે, "મારે પાંચ મિનિટમાં શું પુણ્ય ભોગવવાનું આવશે?" ધર્મરાજા કહે, "ગાય આપવા સંબધી એક શુભ સકલ્પ કર્યો હતો, માટે અહીં તારી પાસે કામધેનુ ગાય હાજર થશે, તે તને જે માગીશ તે આપશે." પરતુ જેણે જીંદગીભર અવળા ધધા કર્યા હોય, તેને છેવટે પણ સવળું સૂઝતું નથી. "પડ્યા લક્ષણ પ્રથમથી તે જીવનભર જાતાં નથી." એ રીતે શેઠના મનમાં તુરત જ ખરાબ વિચાર આવ્યો કે આ ધર્મરાજા મને દંડ દેશે. તો પછી તેને જ પ્રથમ દંડ શા માટે ન દેવો? એ વિચારથી તેણે પહેલું પુણ્ય ભોગવી લેવાની ઈચ્છા બતાવી. તુરતજ ત્યા કામધેનુ હાજર થઈ ગઈ. એટલે શેઠે તેનુ પૂછડુ પકડી તેની પાસે માગણી કરી કે "હે કામધેનુ માતાજી! મારા પાંચ મિનિટના પુણ્યનું ફળ આપવાની હો તો આ ધર્મરાજાને શીંગડે ચડાવ." એટલે ગાયે તુરત જ જબરો છીંકોટો દઈને ધર્મરાજાને શીંગડું ભરાવવા દોટ કાઢી!

ધર્મરાજા તો ભાગ્યા અને ગાય પડી પાછળ! શેઠ તો ગાયનું પૂછડુ પકડીને ભેગાં જ દોડ્યો! ધર્મરાજા તો હાંફળા ફાફળા થતા, ગયા શિવજી પાસે અને બુમ મારી કે "મહારાજા! મને બચાવો." પણ શંકર કહે, "હું શું કરુ? તમે જ તેને પુણ્ય ભોગવવા આપ્યુ છે." ધર્મરાજા તો ત્યાંથી નાઠા. તે ગયા બ્રહ્માજી પાસે. પણ ગાય તો રુંબાડો કાઢીને આવી પાછળ! શેઠ તો બોલતે જ જાય કે, "મારા માતાજી! શીંગડું મારો." બ્રહ્માએ પણ ધર્મરાજાને બચાવવાની લાચારી બતાવી! છેવટે ધર્મરાજાએ વૈકુંઠમાં શરણ લીધુ! ભગવાને તેમને આશ્વાસન આપી, શેઠને ઊભો રાખી પૂછ્યું કે "ભાઈ! તારે શું છે?" તો તે કહે, "મારુ પુણ્ય છે તે હુ માગુ તે થાય, આ ધર્મરાજા સૌને દંડ દે છે, તો મારે એને દંડ દેવો છે. બસ, મારે આ પુણ્યનું બીજું કંઈ ન જોઈએ." આટલી વાત જ્યાં થઈ ત્યાં તો શેઠના પુણ્યની પાંચ મિનિટનો સમય પૂરો થઈ ગયો! તેથી કામધેનુ તેને છોડીને ચાલી ગઈ!

હવે શેઠને ધર્મરાજા કહે, "શેઠ! પધારો, તમારા પાપ ભોગવવા યમપુરીમાં." પણ શેઠે ભગવાન આગળ દલીલ કરી કે, "હે ભગવાન! તમારા ધામમાં આવે તે

પાછો ન જાય એમ કહેવાય છે, તો પછી તમારા વૈકુઠમાંથી આ ધર્મરાજા મને પાછો કેમ લઈ જાય?" ભગવાન કહે, "આ વાત સાચી છે. પણ ભગવાનના ધામમાં તો જે તેના સાધનો દ્વારા મનને વશ કરીને ભક્તિ વડે સિદ્ધ થયેલ હોય તે પેલા પેસવાના દરવાજામાંથી અંદર આવે છે અને તે પાછો પડતો નથી. એવો ભક્ત હોય તે જ અહીં આવે છે. તું એવી રીતે આવ્યો નથી, છતાં એ દરવાજામાંથી અદર પેસી તુ રહી શકીશ?" શેઠ તો હા કહીને ધામમાં પેસવાના દરવાજા પાસે ગયો. ત્યાં તો દરવાજા આડે તેની જ વાસનાઓની મૂર્તિમાન બનેલી માયાએ એવી તો લાત મારી કે તે જઈને પડ્યો બરાબર યમપુરીમાં! એ દૃષ્ટાંતની પેઠે આ જીંદગીમાં જેની વૃત્તિઓ વાસનામય, પ્રપંચમય અને રાગદ્વેષથી ભરેલી હોય છે, છતા જે મોટી પ્રાપ્તિની અને ધામ મેળવવાની બડી બડી વાતો કરે છે, તે વાતો નિષ્ફળ જ નીવડવાની. પછી તે ગમે તેવો ત્યાગી હોય કે ગૃહી હોય, પણ ભગવાનનું ધામ તો નિર્વિકલ્પ, વાસના રહિત, વિશુદ્ધ ભાવનામય છે. ત્યાં એવા ચંચળ રાગ-દ્વેષીલા અને વાસનાથી ખરડાયેલા માયિક વિષયની ચેષ્ટા કરનારા વાંદરા ટકી શકતા નથી. તેને તો પેલા દુર્ભાગી શેઠની પેઠે ધામને બદલે ધક્કા જ મળવાના. એ જ વાત સદ્‌ગુરુ નિષ્કુળાનદ સ્વામી લખે છે, કે **"ધામ નહિ ધક્કા મળશે, ત્યારે ઊઘડશે આંખ ગુલામની."** જે લોકો ધામની વાતોના તડાકા મારે છે, પણ પોતાની ઈન્દ્રિયો અંતઃકરણના ગુલામ મટતા નથી, તેવા જીવોને માટે ધામનો દરવાજો ખુલ્લો થતો નથી. નિર્વિષયી અને નિર્વાસનિક આત્માઓ જ ભગવાનના ધામમાં રહી શકે છે. એ સિવાયના જેઓ ઈન્દ્રિયોની ગુલામી સ્વીકારી, ભગવાનની આજ્ઞાઓને લોપી ઉપરથી સત્સંગરંગના ભભકા બતાવે છે, તેવાને તો દરવાજાના પણ દર્શન થતા પહેલાં તેમની જ માયાની લાત લાગવાની, એ અચળ નિયમ છે.

માટે "વૈકુંઠમાં વાંદરું ન ટકે" એ મર્મ વિચારવા યોગ્ય છે આપણું વાંદરું (મન) શી શી ચેષ્ટાઓ કરી રહ્યું છે તેની ખબર ન રહે તો માનવ જીવનમાં જે અમૂલ્ય પ્રાપ્તિની તક મળી છે તે એળે જ જવાની અને આડબરમા અટવાઈ જવાશે. આ કંઈ ઓછી હાનિ નથી! એને માટે સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી લખી ગયા છે કે,

"થાશે પછી તેનો પસ્તાપ રે,
જ્યારે નડશે કરેલા પાપ રે."

- કલ્યાણ નિર્ણય - ૧૦

- સદ્‌વિદ્યા
ફેબ્રુઆરી, ૧૯૫૪

ગાંધી

જનરલ કરિઅપ્પાના ભાઈ કુમરપ્પા ગાધીજીએ મળવા ઘકેલવકેલા આશ્રમમા ગયા ત્યા માથે ફાળિયું બાધી એક ડોસો વાસીદું કાઢતો હતો, તેને તેમણે ગાધીજીને ખબર આપવા કહ્યુ ડોસાએ પૂછ્યુ , "કેટલા વાગ્યે મળવાનુ ગાધીજીએ રાખ્યુ છે ?' કુમારપ્પા ગુસ્સે થયાં, "તેનું તારે શુ કામ? તું તારે જઈને ખબર આપ. મળવાનું ચાર વાગ્યે રાખ્યુ છે." ડોસો બોલ્યો "પણ હજી તો સાડા ત્રણ જ વાગ્યા છે." કુમારપ્પા ફરી છંછેડાયા . "પાછો કાઢો થયો જા, મારા કહ્યા મુજબ કર " આથી ડોસો મૂગો મૂગો બીજા ખડમા ગયો અને થોડીવારે પાછા આવી કહ્યુ , "સાહેબ બેસો , ગાધીજી આપને ચાર વાગ્યે મળશે."

કુમારપ્પા ગાદી પર બેઠા . બરાબર ચાર વાગ્યે માથેથી ફાળિયું છોડી નાખી પેલા ડોસાએ પૂછ્યુ "બોલો સાહેબ , શુ કામ છે? મને જ લોકો ગાધી કહે છે "

સંપ ત્યાં જંપ

એક શહેરમાં એક સુખી કુટુંબ રહેતું હતું. સુંદર મકાન, રંગબેરંગી કાચની તકતીઓ અને અનેક સુખ સાજથી ભરપૂર હતું. ઘરમાં સંપત્તિની રેલમછેલ હતી. સપત્તિની સાથે સંસ્કાર પણ હતા. નાના મોટા બધા મળીને દશેક જણની સંખ્યાના આ કુટુંબમાં નારાયણની સાથે સાથ લક્ષ્મીજીની આરાધના પણ ખાસ થતી હતી. આખા કુટુંબ ઉપર જાણે લક્ષ્મીજીની પૂર્ણ મહેરબાની હતી.

દરેક દિવાળીની રાત્રે મોટી ધામધૂમ અને વિધિસર લક્ષ્મીજીની મહાપૂજા થતી અને એ વખતે કુટુંબના તમામ સભ્યો ખાસ હાજર રહેતા. એક દિવાળીની રાત્રે પૂજન પૂર્ણ થતાં પહેલાં રુમમાં ઓચિંતો પ્રકાશ થયો, એવો દિવ્ય પ્રકાશ થયો કે લક્ષ્મીજી આગળ પ્રગટાવેલી દીપમાળા તદન ઝાખી પડી ગઈ આખુ કુટુંબ કંઈક ભયમિશ્રિત આશ્ચર્યમાં મુકાઈ ગયું બધા કંઈ વિચાર કરે તે પહેલાં તો એ પ્રકાશમાં સાક્ષાત્ હાલતા ચાલતા લક્ષ્મીજીનાં દર્શન થયાં.

લક્ષ્મીજીના ચાર હાથ, માથે રત્નજડિત મુકુટ, હસતું મુખારવિંદ, ચકચકિત વસ્ત્રો અને હીરા-માણેક જડિત સુવર્ણના અલંકારોથી ભરપૂર લક્ષ્મીજીનું સ્વરુપ જોઈને સૌને ખૂબ ખૂબ આનંદ થયો અને સૌ હાથ જોડીને ઊભા થઈ ગયા.

લક્ષ્મીજી બોલ્યાં, "તમે બધા વર્ષોથી મારી પૂજા-આરાધના કરતા આવ્યા છો, હું તમારા ઉપર ખૂબ જ પ્રસન્ન છું અને વર્ષોથી તમારા ઘરમાં રહું છું. તમે જાણતા જ હશો કે મારો સ્વભાવ ચંચળ છે. હું કાયમ કોઈ એક સ્થળે બંધાઈને રહેતી નથી. સદા હરતી ફરતી રહું છું. જ્યા જાઉં ત્યા સુખ-સંપત્તિ સાથે સાત માળની હવેલીઓ બંધાઈ જાય છે અને જ્યાથી ચાલી જાઉં પડી એ જ સ્થળ ઉજજડ બની જાય. મારા આ સ્વભાવ પ્રમાણે હવે તમારા ઘરેથી હું ચાલી જવાની છું, પણ તમે બધા મારા વહાલા ભક્તો છો, તમારુ ઘર ઉજજડ ન થઈ જાય તે માટે હું આજે પ્રસન્ન થઈને તમને કહેવા આવી છું કે તમે બધા મારી પાસેથી ફક્ત એક વરદાન માગી લો અને સદા સુખી રહો."

લક્ષ્મીજીની આવી વાણી સાભળી સૌ ગભરાયા, અરેરે, લક્ષ્મીજી ચાલ્યાં જશે પણ એક વરદાન આપવાના છે, તો હવે શું માગવુ? સૌ એકબીજા સામે જોવા લાગ્યા. એકદમ શું યાદ આવે? શું વિચારવું? શું માગવું? બધાને મુઝાયેલા જોઈને લક્ષ્મીદેવીએ કહ્યું, "તમે બધા વિચારીને નક્કી કરી આવતી કાલે રાત્રે હું ફરીથી દર્શન આપીશ ત્યારે માગી લેજો." આટલું કહી લક્ષ્મીજી અદશ્ય થઈ ગયાં. આખા કુટુંબની સભા ભરાઈ મીટીંગમા ખૂબ જ વાતો ચાલી કે

દેવી પાસે શું માગવું જેથી સદા સુખી રહીએ. આ મીટીંગમાં સૌને બોલવાની છૂટ હતી. સૌ પ્રથમ બહેનો બોલ્યાં કે "સાત પેઢી ચાલે એટલું સોનું માગી લઈએ." યુવાનો કહે, "ના... ના..., વિદ્યા માગી લઈએ, વિદ્યા હશે તો બધું આવશે." આ સવાદ સાંભળીને વડીલો બોલ્યા કે "વિદ્વાનો તો ઘણા હોય છે પણ મહિનામાં તેને પાચ એકાદશીઓ કરવી પડતી હોય છે. હજુ વિચાર કરો અને પછી નક્કી કરો." છેલ્લે બધાએ સર્વાનુમતે વૃદ્ધ દાદાજી ઉપર કળશ ઢોળ્યો કે "આ ઘરની સમૃદ્ધિ તમારે લીધે છે, તો તમે જે માગશો તે અમારે શિરોમાન્ય રહેશે." દાદાજી કહે, "જુઓ, મને યોગ્ય લાગશે તે હુ લક્ષ્મીજી પાસે માગીશ, હજુ કઈ વસવસો રહી જતો હોય તો હજુ પણ બોલી જાવ." બધાએ હાથ ઊંચા કરીને દાદાજીને કહ્યુ, "તમે જે માગશો તે અમારા સૌ માટે સ્વીકાર્ય અને સાનુકૂળ રહેશે. માટે તમે જ માગજો."

બીજા દિવસની સાંજ ઢળી, લક્ષ્મીજીનું પૂજન પૂર્ણ થતાં જ લક્ષ્મીજીએ તેજોમય દર્શન દીધા. આખુ કુટુંબ હાથ જોડીને ઊભું રહ્યું પછી લક્ષ્મીજીના કહેવા પ્રમાણે કુટુંબના મોભી દાદાજીએ વરદાન માગવાનું શરુ કર્યું. "હે માતાજી, તમારી કૃપાથી અમે બધા સદાય સુખી છીએ. મારા ઘરમાં સપ, સુખ, સમૃદ્ધિ, સતાન બધુ જ છે. છતા આપ માગવાનું કહો છો તો એટલુ જ માગુ છુ કે **મારા કુટુંબમાં કાયમ સંપ રહે**, એવું વરદાન આપો."

લક્ષ્મીજી કહે, "અરેરે! આ શું માગ્યું? બીજું કંઈક માગી લ્યો. સંપથી કંઈ પેટ થોડું ભરાશે?" આ સાંભળી ડોસા મક્કમતાથી બોલ્યા, "નહિ માતાજી, બીજું કંઈ જ ન જોઈએ. આપની પાસેથી ફક્ત સંપ જ રહે એ જ વરદાન જોઈએ."

લક્ષ્મીજીની આકૃતિ બદલાઈ ગઈ, ડોસાની માગણી સાભળીને હસી પડ્યા અને "**तथास्तु**" કહી દીધુ. પછી લક્ષ્મીજી બોલ્યા, "હવે હું તમારે ઘરેથી બીજે નહિ જઈ શકું. મારો ચંચળ સ્વભાવ તો છે જ, પરતુ મારો બીજો એવો સ્વભાવ છે કે હું જ્યાં જાઉં ત્યાં કુસંપ થઈ જાય અને કુસપનું મોજું જે ઘરમાં બરાબર ફરી વળે એટલે હું ત્યાંથી ખસી જાઉં છુ. કુસપવાળા ઘરમા હું રહેતી નથી અને સંપ

બોધકથા

એક લાલાજી હતા. મોડી સાજ સુધી દુકાને બેઠા હતા ખાસ ઘરાકી થઈ નહીં તેથી બોલી ઊઠ્યા, આ તે કઈ જિદગી છે ? એના કરતાં ભગવાન ઉપાડી લે તો સારૂં ત્યા એક મહાત્મા આવ્યા. કહે, લાલાજી ચાલો, "હું તમને સ્વર્ગમા લઈ જાઉ"...

લાલાજી કહે, "મહાત્માજી હું તો અમસ્તુ બોલ્યો હતો મારો દીકરો દુકાન સભાળી લે પછી ચાલીશ." દીકરાનાં લગ્ન થઈ ગયા - દુકાન સભાળી ને મહાત્મા પાછા આવ્યા - તો લાલાજી કહે, પૌત્રનું મોઢુ જોઈને... પૌત્ર થયો - ને લાલાજી બીમાર થઈ મરી ગયા ને બળદ થઈ, દુકાન સામે બેસી રહેતા. મહાત્મા એને ઓળખી ગયા - પૂછ્યુ લાલાજી બળદ થઈ બેસી રહેવુ છે કે ચાલવુ છે સ્વર્ગમા.

બળદ કહે, મારા પુત્રનુ ખેતર ખેડી લઉ પછી આવીશ. પણ એક ટ્રક નીચે કચડાઈ ગયા - પછી કૂતરૂ બનીને ઘરની ચોકી કર્યા કરતા હતા...

મહાત્મા ફરી આવ્યા - પૂછ્યુ, લાલાજી હજુ તક છે, આવવુ છે ? હું પાચ પાચ વાર આવ્યો, હવે નહીં આવુ.. લાલાજી કૂતરાના સ્વરુપમાં મહાત્માને ભસવા લાગ્યા ને કહેવા લાગ્યા, તમને બીજો ધધો છે કે નહી મારા પાછળ શા માટે પડ્યા છો ? અહીં હુ મારા કુટુબ - પરિવારને જોયા કરૂ છુ સ્વર્ગમાં આવી હુ તમારૂ મોઢુ જોયા કરૂ ? મારે નથી આવવું તમારા સ્વર્ગમાં ...

પ્રેમલાલ સોનરોજા

રુપાળું સોનવડલી - બાળવાર્તા

જય શ્રી સ્વામિનારાયણ, બાલમિત્રો!

આજે હું તમને સહુને એક સરસ મજાની વાર્તા કહેવાનો છું, હાસ્તો.

એક સુંદર મજાનું પણ સાવ નાનું ગામ હતું. ને તેનું નામ પણ વળી અતિ સુંદર હતું – 'સોનવડલી'. અહાહા! કેવું મજાનું નામ છે કાં?

સોનવડલી ગામના રહેવાસીઓને શી ખબર કેમ, પણ અસ્વચ્છતા તરફ જબરી નફરત હતી. હા, મિત્રો! એવા એ ગામની મુખ્ય બજાર સાથે તેની ગલીએ ગલીએ ભલેને તમે ફરી વળો, પણ તમને ક્યાંય કહેતા ક્યાંય સહેજેય કચરો કે ગંદકી જોવા મળશે જ નહિં, હાં કે!

અલબત્ત એ ગામમાં કંઇ એ ટાણે ડામરના કે સિમેન્ટ કોંક્રીટના માર્ગો ન હતા, બલ્કે પહેલાના સમયની જેમ સોનવડલીમા પણ ધુળિયા રસ્તાઓ જ હતા, ને એટલું છતાંય એ ગામના નાના-મોટા તમામ માર્ગો હંમેશા વાળેલા, ચોળેલા અને સાફસુફ જ રહેતા હતા.

જો કે એટલું જ નહિ, પરંતુ ત્યાંના પ્રત્યેક ગ્રામવાસીઓના ઘરો પણ અંદર-બહાર લીપેલા-ગુપેલા ને વળી એકદમ ચોખ્ખા-ચણાક નજરે પડતા હતા.

કહેવું પડશે કે ગારાથી ચણેલાં અને દીવાલો પર ગારાની જ ગાર તથા ધોળ કરેલા અને નીચે ભોંયતળિયે ગારાનુ લીંપણ કરેલા એવા એ કાચા પણ સ્વચ્છ ગ્રામ્ય ઘરો એટલા તો રળિયામણાં લાગતા હતા કે જોનારા તો બસ જોતા જ રહી જતા બાપડા!

એટલે તો કોકે કીધું છે ને ભાઈ, કે 'સ્વચ્છતામાં જ સાચી સુંદરતા સમાયેલી છે!'

બાલ દેવતાઓ! એવા એ સોનવડલી ગામમાં જ્યારે જ્યારે બહારગામથી કોઈ મહેમાનો આવી ચડે ત્યારે એ બધા લોકો (મહેમાનો) ગામના સ્વચ્છ રસ્તાઓ અને અતિ શોભાયમાન ઘરોને એવા તો ટીકી ટીકીને જોઈ રહેતા, જાણે કે કંઈક અદ્‌ભૂત સરખું (એટલે કે કંઈક આશ્ચર્યજનક દૃશ્ય) ન ભાળી ગયા હોય!

છોકરાંઓ! હવે હું સોનવડલીની સ્વચ્છતાનુ કાવ્યમય શૈલીમાં વર્ણન કરુ છું, તે જુઓ.

સ્વચ્છતા મહારાણી સોળે શણગાર સજી બની ઠનીને સોનવડલી ગામની શેરીએ-ગલીએ જાણે કે રાસ રમવા ન નીકળી પડી હોય એવું જ લાગતું હતું!

અલબત્ત સોનવડલીની એ સ્વચ્છતા અને સુંદરતા પાછળનું મુખ્ય પરિબળ બન્યા હતા સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાક સંતો!

થયું હતું એવું કે, એક વર્ષ પહેલાં સોનવડલીના સરપંચ રવજીબાપા પટેલે સ્વામિનારાયણ ધર્મ અંગિકાર કર્યો ત્યારે એમને ઘરે મોટા મોટા સત્સંગી સંતોની પધરામણી થઇ હતી અને તે દિવસે પૂર્ણિમાની અજવાળી રાત્રિએ રવજીબાપાના લાંબા-પહોળા ફળિયામાં ધર્મસભા રાખવામાં આવી હતી.

... ને પછી એ વખતે અગ્રગણ્ય સ્વામી શ્રી સદ્‌બોધસ્વરુપદાસજીએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું, 'અહીં આગળ પધારેલા સર્વ ગ્રામવાસીઓને જય સ્વામિનારાયણ '

"ભાઈઓ! 'આજે મારે સર્વ પ્રથમ તો સ્વચ્છતા વિષેની વાત કરવી છે. પ્રત્યેક માણસે સવારમાં વહેલા વહેલા ઉઠીને દૈનિક પ્રાતઃક્રિયાઓ કર્યા પછી અવશ્ય નહાવું જોઈએ. દરરોજ સ્વચ્છ કપડાં પહેરવાં જોઈએ. એટલે કે કપડાં રોજે રોજ બદલવાં જોઈએ અને શરીરના પ્રત્યેક અંગ-ઉપાંગોની યથાયોગ્ય સફાઇ જાળવવી જોઈએ. જે માણસનુ શરીર તથા કપડાં હંમેશા હંમેશા સ્વચ્છ રહેતા હશે તે માણસ બિલકુલ નિરોગી, એકદમ બળવાન અને બુદ્ધિશાળી પણ એટલો જ હશે! ...ને વળી ઉત્સાહથી છલકાતો અને પ્રત્યેક કાર્ય સંપૂર્ણ ખંતથી સાથે ઝપાટાબંધ કરી નાખનારો તે માણસ પોતાના પારંપરિક ધંધામાં ખૂબજ પ્રગતિ કરશે, વિકાસના પંથે એકદમ આગળ વધી જશે અને પરિણામ સ્વરુપ તેના ધન-ધાન્યોના ભંડારો સદાકાળ છલકાતા જ રહેશે "

.. એટલું કહી સ્વામી સહેજવાર થોભ્યા અને પછી પોત.ની ધીર ગ.ભીર વાણીથી ઉમેર્યું, ભાઈઓ' 'જો તમે સહુ મારા કહેવા પ્રમાણે ફક્ત આટલું જ કરશો ને, તો તો પછી માત્ર છ મહિનામાં જ તમે સારા દિવસો ભાળી શકશો. પણ હા, ફક્ત આટલું નહિ, સાથોસાથ તમારા ઘરો, તમારા ગામની શેરી-ગલીઓ પણ સ્વચ્છ રાખજો અને કોઈપણ ધર્મનો અંગિકાર કરી સવાર-સાંજ હરિભજન કરજો. ભગવાન તમારું ભલું કરો, જય સ્વામિનારાયણ."

એટલું કહી સ્વામીજીએ પોતાની વાણીને વિરામ આપ્યો અને બીજે દિવસે સ્કુલમાં જઈને તમામ વિદ્યાર્થીઓને શીખ આપી, "જય સ્વામિનારાયણ, બાલદેવત.ઓ' અ.જે હુ તમારી પ.સે સ્વચ્છતાની વાતો લઈને આવ્યે. છું. અત્યારે હું જોઈ રહ્યે. છું કે તમે પહેરેલા કપડાંની કે તમારા શરીરની સફાઈ પ્રત્યે તમે અત્યંત બેદરકાર છો. અ.મ ન ચ.લે, તમારે દરરોજ સવારે વહેલા ઉઠીને ન્હાવું જોઈએ અને કપડાં પણ દરરોજ બદલવાં જોઈએ. અરે તમારા હાથના નખ તો જુઓ, અહાહા, કેટલા બધ. વધેલા છે, ને વળી તેમા મેલ પણ પુષ્કળ ભરેલો છે. જમતી વખતે એ બધો મેલ તમારા પોતાના જ પેટમાં જતો હશે, ને તમારા આરોગ્યને હાનિ પણ ખૂબજ પહોંચ.ડતો હશે, ને એટલે જ તો તમે બધા માયકાગલા જેવા દેખાઈ રહ્ય. છો પરંતુ ચિંત. કરવાની જરુર નથી, "જાગ્યા ત્યાંથી સવ.ર."

"જુઓ બાળકો! હવે પછી તમે રોજ સવારે ન્હાય-ધોઈ, સ્વચ્છ કપડા પહેરી, માથાંના વાળ વ્યવસ્થિત રીતે ઓળી તથા પગમાં બુટ કે ચપ્પલ પહેરીને જ સ્કુલમા આવજો આટલુ ખ.સ યાદ રાખજો કે, જો તમે પોતે સ્વચ્છ અને સુદર દેખાત. હશે. તો જ સરસ્વતી માતા તમારી પાસે આવશે ને વળી તમે ભણી ગણીને કોઈ સંગીતકાર, ઉદ્યોગપતિ, ઈજનેર, વકીલ અથવ. તો પાયલોટ પણ બની શકશો. પણ હા, એમાં એટલી શરત અવશ્ય છે કે, તે માટે તમારે સહુએ હંમેશા સ્વચ્છ-સુંદર બની રહેવું પડશે. બાલદેવો! ભગવાન તમારું કલ્યાણ કરે. જય સ્વામિનારાયણ."

એટલું કહી સ્વામીશ્રીએ ત્યાં આગળ ઉપસ્થિત શિક્ષકોને પણ સ્વચ્છત. વિષે કેટલીક અગત્યની સૂચનાઓ. આપી.

... ને અંતમાં સમસ્ત ગામને ઘણા ઘણા આશીર્વાદ આપીને સ્વામી શ્રી સદ્‌બોધસ્વરુપદાસજીએ સાથેના સંતો સાથે સોનવડલીની વિદાય લીધી.

- અને પછી તો ભાઈ, છ મહિનામાં તો સોનવડલીની જાણે કે સુરત જ ઠામૂકી બદલાઇ ગઈ. હાસ્તો, છ મહિના પહેલાં ધુળિયુ અને ઝાંખુ ઝપ્પટ લ.ગતુ એ સોનવડલી આજે તો સ્વચ્છત. અને સુદરતાના તેજે ઝળહળાટ કરવા લાગ્યુ હતું.

કહેવું જોઈએ કે કેટલોક સમય વીત્યા પછી સોનવડલી જે રાજ્યની હદમાં આવતું હતું તે રાજ્યના મહારાજાએ સોનવડલી ગામને આદર્શ (નમૂનારુપ) ગ..મ જાહેર કરીને ગામના વધુ વિક.સ માટે એક લાખ રુપિયા ભેટમાં આપ્યા!

એ જમાનામાં તો ભાઈ, લાખ રુપિયા એટલે તો શી વાત! જાણે કે ગાડું ભરીને રુપિયા! એટલા બધા રુપિયામાંથી સોનવડલી ગામના તમામ નાના-મોટા માર્ગો પાકા (સિમેન્ટ કોંકીટના) બની ગયા, છ ઓરડા ધરાવતું સુંદર મજાનું સ્કુલ બિલ્ડીંગ બંધાઈ ગયું. તદુપરાંત જે સંપ્રદાયના સંતો.ના સદ્‌બોધથી આ બધી સમૃદ્ધિ સાંપડી હતી એવા સ્વામિન.રાયણ ભગવાનનું એક નાનું એવુ પણ અત્યત શોભાયમાન મંદિર ગામના પાદરમાં જ ખડું થઈ ગયું અને આરતીનાં તેજે ઝળહળાટ કરતું, દર્શનાર્થીઓના અંતરનાં અંધારા ઉલેચી રહ્યું.

અલબત્ત અહીં આગળ મારે આટલું પણ અવશ્ય કહેવું જોઈએ કે, સ્વામી સદ્‌બોધસ્વરુપદાસજીને સાંભળ્યા પછી શાળાના વિદ્યાર્થીઓ સાથે, ગામના તમામ નાના-મોટા છોકરા-છોકરીઓ પણ સવારમાં વહેલા વહેલા ઉઠીને પ્રાતઃસ્નાન કરતા થઈ ગયા હતા. તેમજ સ્વચ્છ વસ્ત્રો પહેરીને તથા યથાયોગ્ય સાજ-શૃંગાર સજીને

પોતાનો આઉટલુક (બહારનો દેખાવ) દર્શનીય બનાવતા શીખી ગયા હતા!

તો વળી ગામના વડીલ નર-નારીઓ પણ સ્વચ્છતાને વધારે ને વધારે મહત્ત્વ આપતા થઈ ગયા હતા તથા ઘરડા સ્ત્રી-પુરુષો ગામના ચોરે એકઠા મળીને શિક્ષાપત્રી વાંચતા થઈ ગયા હતા.

અત્રે ખાસ તો એ કહેવુ જોઈએ કે સોનવડલીની સ્કુલમાં અભ્યાસ કરત. વિદ્યાર્થીઓ પણ સરસ્વતી દેવીની કૃપ.થી ભણવામાં એટલા બધા હોશિ.યાર, બલ્કે વિદ્યાપ્રવીણ બની જતા હતા કે અ.જુબાજુન. ગ.મડાઓમાંથી પણ ઘણા બાપા છોકરા-છોકરીઓ સોનવડલીની સ્કુલમાં આવતા થઈ ગયા હતા! અને અ.જે તો ભાઈ! સોનવડલીની સ્કુલમાં ભણેલ. છોકર.-છોકરીઓ, મોટા શહેરોની વિવિધ કોલેજોમા ઉચ્ચ અભ્યાસ કરીને એટલા તો આગળ વધી ગયા છે કે, મોટી મોટી કંપનીઓ પણ એ લોકોને પોતાને ત્યાં નોકરી કરવા માટે ખોળા પાથરી રહી છે. કેટલાક તો વળી દૂર દૂર પરદેશમાં જઈને ભારતનુ નામ રોશન કરતા, અઢળક રુપિયા કમાઈ રહ્યા છે અને હા, સાથે જ તેઓ બધા સ્વામિનારાયણ ધર્મનો અંગિકાર કરીને મનખ.વતારને પણ ધન્ય બનાવી રહ્યા છે કહેવુ જોઈએ કે સોનવડલી ગામના સર્વ લોકો આજની તારીખે પણ સુખ શાંતિ સ.થે નિરોગી જીવન ગુજારી રહ્યા છે હાસ્તો ભાઈ, સ્વચ્છતા સુંદરીનો પાલવ પકડીને સોનવડલી ગામ આજે તો એયને લીલા લહેર કરી રહ્યું છે!!!

વાચક બાલ મિત્રો, તમે જોયું ને કે સ્વચ્છતાના કારણે કેવી કેવી સિદ્ધિઓ સાપડે છે! તો તમે બધા પણ આજથી જ સ્વચ્છતા અપનાવો અને નિરોગી જીવન સ.થે આગળ ને આગળ વધવા માંડો

જય હિંદ, જય ભારત !!

સમાચાર દર્શન

ગુરુકુલ પરિવાર સ્નેહ મિલન (રાજકોટ) :-

તા. ૧૮ ૧૨ ૧૦, શનિવારના રોજ રાજકોટ મુકામે નિવાસ કરતા ગુરુકુલ પરિવારના તમામ સુહૃદજનોનું સ્નેહ મિલન યોજવ.મા અ.વ્યુ હતું. આ સમેલનમા ઠાકોરજીના પૂજન બાદ પ.પૂ સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ પોત.ના પ્રવચન દ્વા.રે પૂજ્ય ગુરુદેવન. આજ્ઞામુલા વારસાને સાચવી રાખવા સૌને ભલામણ કરી હતી. પ પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ઈષ્ટદેવ, શ.સ્ત્ર અને સદ્‌ગુરુ એ ત્રણને પોતાના જીવનના આધાર બનાવવાની વાત કરીને સૌને પ્રેરણા પાઠવી હતી આ સ્નેહ મિલનમા રાજકોટના સ્વયંસેવકોએ રાત્રી-દિવસ જહેમત ઉઠાવીને આમંત્રણ, ભોજનપ્રસાદ તથા સભાની સુંદર વ્યવસ્થા ગોઠવી હતી.

સત્સંગ સભા (ભાવનગર) :-

તા. ૨૦.૧૨ ૧૦, સોમવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ગુરુકુલ ખાતે પ.પૂ સદ્‌ગુરુવર્ય શા.સ્ત્રી શ્રી મા.ધવપ્રિયદાસજી સ્વામીના. સાનિધ્યમાં સત્સગ સભાનુ આયોજન કરવામાં આવ્યું હતુ. સભામા કીર્તનભક્તિ બાદ પૂ. સ્વામીએ કીર્તનને આધારે સૌ ભક્તોની ઉપાસના દ્રઢ થાય તેવા હેતુથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરિતાની અલૌકિક વાતો કરી હતી

પારિવારીક સ્નેહ મિલન (ભાવનગર) :-

તા ૨૧ ૧૨ ૧૦, મંગળવારના રોજ શ્રી લાલજીભાઈ કળથીયાના શતામૃત પર્વ નિમિત્તે સમસ્ત કળથીય. પરિવારવતી પારિવા.રિક સ્નેહમિલનનું આયોજન થયું હતું સવારે યોજાએલી મહાપૂજામા પરિવારના તમામ સભ્યોએ ભગવદ્‌ પૂજનનો લાભ લીધો હતો પ પૂ સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ મહાપૂજનો વિધિ કરાવ્યો હતો આ પ્રસંગે ધ.મધામથી ઉપસ્થિત રહેલા સંતોએ સૌ પરિવા.રજનોને મંગલ આશીર્વચન પાઠવ્યા હતા. મધ્યાહ્ન બાદ યોજાએલી સ્નેહ સભામા પૂજ્ય સ્વામીએ પરિવારમા પરંપરા.થી આ.વી રહેલા સત્સંગ અને સંસ્કારના વારસાને સવિશેષ જ્વળવી રાખવા માટે ભલામણ કરી હતી.

અમૃતસર, પંજાબ (૨૫ ડિસેમ્બર) :-

અમૃતસર પાસેના કાદિયાન ખાતે અહમદિયા પથનુ ઉદ્‌ગમ સ્થાન છે. અહમદિયા પંથના લાખો અનુયાયીઓ વિશ્વભરમાં ફેલાયેલા છે ગુલામ અહમદ સાહેબે આશરે ૩૦૦ વર્ષ પહેલા અહમદિયા પંથની સ્થાપના કરેલી છે. હાલમા લડન વસતા હજરત મસરુર અહમદ સાહેબ અહમદિયા પથના વડા ધર્મગુરુ છે ભારત ખાતે જનાબ મુહમ્મદ ઈનામ ગૌરી સાહેબ અહમદિયા પથનું સચાલન કરી રહ્યા છે. તેઓશ્રીની અધ્યક્ષતામા અમૃતસર પાસેના કાદિયાન ગામે વિશાળ સમેલન ભરાયુ હતુ.દેશ વિદેશમાથી હજારો મુસ્લિમ બિરાદરો એકઠા થયા હતા જેમા પાકિસ્તાનમાંથી આશરે ૬ હજાર મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પ્રદેશના કન્વીનર શ્રી ફઝલુ રહેમાનના આગ્રહથી સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, હિન્દુ ધર્મ આચાર્ય મહાસભાના મત્રી શ્રી પરમાત્માનદજી મહારાજ તથા જામનગર પ્રણામી સપ્રદાયના વડા શ્રી કૃષ્ણમણિજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસગે અમૃતસર ગોલ્ડન ટેમ્પલ સુવર્ણ મદિર ના વડા જ્ઞાની ગુરુમિતસિગજી સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા પરમાત્માનદજી મહારાજ, સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સતોએ અમૃતસરના ગોલ્ડન ટેમ્પલની મુલાકાત લીધી હતી

વિચારસત્ર - મુંબઇ :- શ્રી કાદીવલી હિતવર્ધક મંડળ દ્વારા તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ કાંદીવલી-મુંબઈ ખાતે વિચાર સત્રનું આયોજન થયુ હતું. જાણીતા લેખક શ્રી દિનકરભાઈ જોષીના આમત્રણને માન આપી પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ આ વિચારસત્રમાં ઉપસ્થિત રહી 'ભાગવત કથા રહસ્ય' વિષય ઉપર મનનીય પ્રવચન આપેલ. આ સત્રમા મોટી સખ્યામા શ્રોતાજનો ઉપસ્થિત રહ્યા હતા.

વર્લ્ડ પોલિસ યુનિટી ટુર- SGVP :-

તા.૮ ૧ ૧૧ના રોજ સ્વર્ણીમ ગુજરાત વર્ષ પ્રસંગે આયોજિત 'સરદાર પટેલ વર્લ્ડ પોલિસ યુનિટી ટુર' પ્રસંગે અમેરિકાથી પધારેલ પોલિસ ઓફિસર તેમજ ગુજરાતના પોલિસ ઓફિસરો અને ટુરના આયોજકોનો ભાવપૂર્ણ સ્વાગત સમારોહ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્, છારોડી ખાતે યોજવામા આવ્યો હતો આ પ્રસગે સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગરના વિદ્યાર્થીઓએ ભક્તિસભર નૃત્ય નાટિકા તેમજ રાષ્ટ્ર ભક્તિથી ભરપુર વન્દે માતરમ્ કાર્યક્રમ રજુ કરી વિશાળ સખ્યામાં ઉપસ્થિત દર્શકોના મન જીતી લીધા હતા. આ પ્રસંગે પ.પૂ સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યુ હતુ કે ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત વિમાનની ઝડપે વિકાસ સાધી રહ્યુ છે. **આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો.૧.** શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી ૨. પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી ૩. ડો. વિજયભાઈ પડ્યા ૪. પેટ્રિક ગેરીટી ડાઈરેકટર પોલિસ ટ્રેઈનીંગ, ડીપાર્ટમેન્ટ યુ એસ.એ. ૫.શ્રી ખડવા વાલા સાહેબ નિવૃત ડી. જી પી ૬. શ્રી કુમાર સાહેબ એડી.ડાઈરેક્ટર જનરલ પોલિસ ૭.મોહન ઝા સાહેબ જોઈન્ટ કમિશ્નર ફાઈમ બ્રાન્ચ, અમદાવાદ ૮.આશિષ ભાટિય. આઈ જી પી ૯. શ્રી બીસ્ટ સાહેબ આઈ જી પી. ૧૦. શ્રી કડકડ સાહેબ નિવૃત પોલિસ અધિકારી ન્યુ દિલ્હી. ૧૧.નિમીશભાઈ ગણાત્રા તત્રી અને માલિક અકિલા ૧૨.આલ્બર્ટ જસ.વી. ૧૩. જગદિશભાઈ પટેલ ૧૪. ભૂપેન્દ્રભાઈ પટેલ, ૧૫. રવિભાઈ ત્રિવેદી ૧૬. અબુભાઈ પટેલ સ્વાતંત્ર્ય સેનાની

સત્સંગ સભા - અંબાડા

ધનુર્માસના પવિત્ર દિવસોમા નાદેર વિસ્તારમા સત્સગ કથામૃતનુ આયોજન કરવામા આવેલુ. અંબાડા ખાતે યોજાએલા કથામૃતના પ્રથમદિને પ.પૂ સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ પધારીને કથામૃતનો લાભ આપ્યો હતો. અન્ય દિવસોમા નાના સંતોએ હરિચરીત્રોનુ શ્રવણ કરાવ્યું હતુ લુવારીમોલી ખાતે ત્રિદિનાત્મક ભક્તચિંતામણી ગ્રંથની કથામા પૂ. શ્રી ભક્તિવેદાતદાસજી સ્વામીએ હરિકથાનું શ્રવણ કરાવ્યુ હતું આ પ્રસંગે પૂ. શ્રી ધર્મપ્રસાદદાસજી સ્વામી, શ્રી દયાળજીભાઈ પટેલ, શ્રી ધીરૂભાઈ બવાડિયા તથા સ્વયંસેવકોએ ખુબ જ સુદર વ્યવસ્થા ગોઠવી હતી.

SGVP ની મુલાકાતે મહેતા પરિવાર

કચ્છની ધરાનાં રત્ન, ગાંધીજીની વિચારસરિતાને અનુસરી આજીવન સેવાના ભેખધારી શ્રી ચિનુભાઈ મહેતાની જન્મ શતાબ્દી પ્રસંગે એમનો સમસ્ત પરિવાર અમેરિકાથી ભારત આવ્યો હતો. શ્રી ચિનુભાઈના જીવનને સ્પર્શતી સંગપુરુષ નામની સ્મરણિકાનું વિમોચન ગુજરાતના ગવર્નર શ્રીમતી કમલાજીના હસ્તે ગાંધીનગર ખાતે થયું હતું. આ પ્રસંગે પૂરો પરિવાર એસજીવીપી ખાતે રોકાયેલો અને સંસ્થાની સેવા પ્રવૃત્તિ નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ પરિવારના ડૉ. નવીનભાઈ મહેતા કે જે અમેરિકામાં એક ઉત્તમ સર્જન છે તે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પરિવારનું પ. પૂ. સદ્ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ સ્વાગત કર્યું હતું.

શ્રીદ્ધાંજલિ સભા, ભાચા (ઉના) :-

ઉના તાલુકાના રાજકીય તેમ સામાજિક આગેવાન તથા ઉના માર્કેટીંગ યાર્ડના પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈ જેઠાભાઈ ભીલવાળા તા. ૧૮ ૧૨ ૧૦ના રોજ અક્ષરવાસી થયા હતા. આ દુઃખદ પ્રસંગે તેઓશ્રીની જન્મભૂમિ ભાચા ગામે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન થયું હતું. તેઓશ્રીને શ્રદ્ધાંજલિ આપતા પ. પૂ. સદ્ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે શ્રી લક્ષ્મણભાઈ ગુરુકુલના વિદ્યાર્થી હતા અને ગુરુકુલના સંસ્કારોની સુવાસ તેઓએ આમજનતાની સેવા કરી ચોમેર ફેલાવી હતી. આજે એમના અક્ષરવાસથી સમસ્ત ઉના પરિવાર નોધારો થયાની લાગણી અનુભવી રહ્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના આત્માને સાશ્વત સુખ આપે તથા પરિવારજનોને ધૈર્ય અર્પે તેવી પ્રાર્થના. આ પ્રસંગે સમસ્ત ઉના જિલ્લાના ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ધનુર્માસ SGVP :-

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, છારોડીમાં દેશ-વિદેશના પાંચસો વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહી અભ્યાસ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિના રીત રિવાજો તેમજ સાંપ્રદાયિક પ્રણાલીના સંસ્કારો આપવામાં આવે છે. ધનુર્માસ દરમિયાન આ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ઉત્સવો તેમજ વિવિધ સેવાકાર્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ. પૂ. શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ ભાગવતના દશમ સ્કંધની કથા કરેલ તથા ફલકૂટોત્સવ, તુલસી વિવાહ, સંતોની છાત્રાલયમાં પધરામણી, મંત્રલેખન, સમૂહ મહાપૂજા, વિષ્ણુયાગ, મેમનગરથી કાલુપુર મંદિર પદયાત્રા જેવા ધાર્મિક આયોજનો તેમજ ગરીબોને ધાબળા વિતરણ, હોસ્પીટલમાં દર્દીઓને ફળોનું વિતરણ, વસ્ત્રોનું વિતરણ, અનાથાશ્રમમાં ગરમ કપડાઓનું વિતરણ, વૃદ્ધાશ્રમમાં વડીલોની મુલાકાત જેવા સેવાકાર્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓનો શારીરિક વિકાસ થાય તે માટે 'પ્રેમપ્રકાશ સ્પોર્ટસ્ મીટ' અને સંગીત સંધ્યાનું આયોજન તેમજ વિવિધ તીર્થસ્થળોનો મહિમા સમજાય તે માટે યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય ગૌરવ :-

તા. ૬ થી ૮ જાન્યુઆરી, ૨૦૧૧ દરમિયાન 'પૂર્ણપ્રજ્ઞ વિદ્યાપીઠ, બેંગલોર' ખાતે રાષ્ટ્રિય સંસ્કૃત સંભાષણ સ્પર્ધાનું આયોજન રાષ્ટ્રિય સંસ્કૃત સંસ્થાન દ્વારા થયું. જેમાં દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા શાસ્ત્રી મુનિવત્સલદાસજી સ્વામી મીમાંસા વિષયમાં દ્વિતીય સ્થાન, જોષી ધરમ ધર્મશાસ્ત્ર વિષયમાં તૃતીય સ્થાન અને જોષી વિજય ન્યાયશાસ્ત્રમાં તૃતીય સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

શાકોત્સવ - રબારિકા તથા દ્રોણ (ઊના) :-

તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૧૧ રબારિકા મુકામે સવારે શાકોત્સવનું આયોજન થયું હતું. અહીંના પ. ભ. શ્રી પ્રેમજીભાઈ સેંજલીયા તાલુકા પ્રમુખ બનતા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું તથા સાંજે દ્રોણ ખાતે શિવમંદિરમાં ઘનશ્યામમહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા તથા શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બન્ને જગ્યાએ પૂ. સદ્ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી અને પૂ. સદ્ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી ઉપસ્થિત રહી કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

સત્સંગ વિચરણ :-

ધનુર્માસિ નિમિત્તે તા. ૨૦ ડિસેમ્બર ૨૦૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૧૧સુધી શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરુપદાસજી સ્વામી, પૂ. કૃષ્ણજીવનદાસજી સ્વામી તથા પૂ. પ્રેમજીવનદાસજી સ્વામીએ વાપી, નાગપુર, મુંબઈ- દહિંસર,કાંદીવલી,ભાયંદર, વાસી, પનવેલ, મીરારોડ, ભૂલેશ્વર જેવા વિવિધ મંદિરોમાં સત્સંગનો લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા. તા. ૨ ઉના રોજ વાપી ખાતે પાટોત્સવ પ્રસંગે પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ પધારી સત્સંગ-કથાવાર્તાનો લાભ આપ્યો હતો તથા નાગપુર સત્સંગ સત્રમાં પધારી કથાવાર્તાનો લાભ આપ્યો હતો. નાગપુર કચ્છી કડવા પાટીદાર સમાજમાં પૂ. સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના સાનિધ્યમાં યોજાયેલ શ્રદ્ધાંજલિ સભામાં ઉપસ્થિત રહી શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરુપદાસજી સ્વામીનું પિતૃ વંદના ઉપર વ્યાખ્યાન સાંભળી સહુ શ્રોતાજનો ભાવવિભોર થયા હતા.

શ્રદ્ધા સુમન

અ.નિ. શ્રી હિંમતભાઈ ત્રિકમભાઈ ધાનાણી (ફાટસર) :- ગામ ફાટસર નિવાસી, અખંડ ભગવદ્‌ પરાયણ શ્રી જોગી સ્વામીના કૃપાપાત્ર શ્રી ત્રિકમભાઈ ધાનાણીના સુપુત્ર શ્રી હિંમતભાઈ ૩૫ વર્ષની ઉંમરે તા. ૩૧/૧૨/૧૦ના રોજ ભગવદ્‌ શરણને પામ્યા છે. ગ્રામ પંચાયતના સદસ્ય, અત્યંત ઉત્સાહી, સેવાભાવી, સંતોના કૃપાપાત્ર અને ભગવદ્‌ પ્રેમી આ આત્માને ભગવાન પોતાના શરણનું અખંડ સુખ અર્પે અને પરિવારજનોને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

અ.નિ. શ્રી કુમુદચંદ્ર રતિલાલ શેઠ :-

ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિના કૃપાપાત્ર, સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર, ઉના તાલુકાના અગ્રગણ્ય વેપારી, ઉનાકેળવણી મંડળના ટ્રસ્ટીશ્રી તથા પાંજરાપોળ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે સેવા બજાવનારા ગુરુકુલ પરિવારના સભ્ય શ્રી કુમુદચંદ્ર રતિલાલ શેઠ, ૫૨ વર્ષની ઉંમરે ભગવાનના શરણને પામ્યા છે. શ્રી કુમુદચંદ્ર શેઠના આત્માને શ્રદ્ધાસુમન અર્પવા પધારેલા પ.પૂ.સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ તેમના સદ્‌ગુણોનું વર્ણન કરીને પરિવારજનોને ધીરજ અર્પી હતી.

મોહનભાઈ રામજીભાઈ બારસિયા :- ગુંદાસરા નિવાસી મોહનભાઈ રામજીભાઈ બારસિયા ૮૬ વર્ષની ઉંમરે તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ હરિસ્મરણ કરતા થકા અક્ષરધામ સિધાવ્યા છે. મોહનબાપા અને તેમનો પરિવાર ગુરુકુલનો સન્નિષ્ઠ સેવક છે. આખા પરિવારે પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો ખૂબ રાજીપો મેળવ્યા છે. મોહનબાપાને શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તેમજ પ્રેમજીભાઈ, અમૃતભાઈ આદિ પરિવારજનોને સાંત્વના અર્પે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

અ.નિ. શ્રી લીલાવતીબેન નારાયણભાઈ ઠક્કર :- પ્રભુ પરાયણ, ભગવદ આજ્ઞાપરાયણ, ધર્મનિષ્ઠ, તપોનિષ્ઠ, સંયમનિષ્ઠ, બ્રહ્મનિષ્ઠ એવા અ.મુ. પૂજય લીલામાસી તા. ૧૬/૧૧/૧૦, શુક્રવારના રોજ રાત્રે ૧૦:૨૨ વાગે સ્વતંત્રથકા ભગવદ્‌ ધામને પામ્યા છે. ધામમાં જતાં પહેલા ઠાકોરજીની પોતાના હાથે આરતી કરી, ધૂન-કીર્તન કરાવ્યા અને રાત્રે પાસે રહેલા સેવિકાઓને કહ્યું કે, 'અક્ષરધામમાંથી તેજ-તેજના અંબાર છૂટે છે.' આટલું કહીને શરીર છોડ્યું. જીવનભર શ્રીહરિની દિવ્ય મૂર્તિમાં રસબસ રહ્યા અને પાસે આવેલા મુમુક્ષુ આત્માઓને શ્રીહરિની મૂર્તિમાં રસબસ કરતાં રહ્યા. અનાદિમુક્ત શ્રી નારાયણમામાનો જીવનભર હર કદમે સાથ આપીને પોતાના આત્માને પણ શ્રીહરિમય બનાવી દીધો હતો. ડિવાઈન મિશનની સ્થાપના અને સેવાઓ દ્વારા અનેક જીવાત્માઓને સુખી કરનારા લીલામાસીના ચરણોમાં શતશઃ વંદન.

શ્રી નરેન્દ્રભાઇ નાગરદાસ નંદાણી :- રાજકોટ નિવાસી નરેન્દ્રભાઈ નાગરદાસ નંદાણી હરિસ્મરણ કરતા કરતા અક્ષરવાસી થયા છે. તેઓએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો ખૂબજ રાજીપો મેળવ્યો હતો. શ્રી નરેન્દ્રભાઈના પવિત્ર આત્માને શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા તેમના પુત્ર પદ્યુમ્નભાઈ આદિ પરિવારજનોને સાંત્વના આપે તેવી પ્રાર્થના.

શ્રી મગનભાઈ અમીપરા :- જેતપુર નિવાસી મગનભાઈ અમીપરા ભગવદ્ સ્મરણ કરતા કરતા અક્ષરવાસી થયા છે. તેઓ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર હતા. શ્રીહરિ તેઓને પોતાની સેવામાં રાખે તથા જગદીશભાઈ, ધર્મેશભાઈ, અશ્વિનભાઈ આદિ પરિવારજનોને સાંત્વના આપે તેવી પ્રાર્થના.

શ્રી પરબતભાઈ હીરપરા :- જયશ્રી ડાઉંગ, જેતપુરવાળા શ્રી પરબતભાઈ હીરપરા શ્રીહરિનું સ્મરણ કરતા કરતા અક્ષરવાસી થયા છે. તેઓ પરમવૈષ્ણવ હતા તથા સાંદિપની આશ્રમ, પોરબંદરના ટ્રસ્ટી હતા. ગુરુકુલ પ્રત્યે તેઓને ખૂબજ આદર હતો તેમજ અનેક સામાજિક તથા ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. પ્રવીણભાઈ, રાજુભાઈ આદિ પરિવારજનોને શ્રીહરિ સાંત્વના આપે તેવી પ્રાર્થના.

શ્રી કરશનભાઈ માવજીભાઇ હીરાણી :-

સુખપુર, કચ્છ નિવાસી શ્રી કરશનભાઈ માવજીભાઈ હીરાણી તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૧૦ના રોજ અક્ષરવાસી થયા છે. જેઓ ગુરુકુલના સન્નિષ્ઠ સેવક હતા. શ્રીહરિ તેઓના આત્માને પોતાની સેવામાં રાખે તથા પરિવારજનોને સાંત્વના અર્પે એવી પ્રાર્થના.

રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજનો

પાટોત્સવ તથા દિવ્ય શાકોત્સવ

તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૧, મંગળવાર, વસંત પંચમી

દિવ્ય અભિષેક	દિવ્ય શાકોત્સવ તથા શિક્ષાપત્રી પૂજન	અન્નકૂટ દર્શન
(સવારે ૦૬:૩૦ કલાકે)	(સવારે ૯:૩૦ કલાકે)	(સવારે ૯:૩૦ કલાકે)

શાકોત્સવ અખંડ ભગવદ્ પરાયણ પૂ. જોગી સ્વામી તથા પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાન્નિધ્યમાં ઉજવાશે.

આગમી આયોજન

૦૬/૦૨/૨૦૧૧ રવિવાર-સુહૃદ સભા : છારોડી ગુરુકુલ

૧૨/૦૨/૨૦૧૧ શનિવાર – શ્રીહરિ જયંતી, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, અમદાવાદ, નીલકંઠવર્ણી અભિષેક તથા રાજોપચાર પૂજન.

૧૪/૦૨/૨૦૧૧ સોમવાર – જયા એકાદશી, રાત્રે કીર્તનભક્તિ, અમદાવાદ ગુરુકુલ.

૧૯/૦૨/૨૦૧૧ શનિવાર (મહાવદ બીજ) – પૂ. શાસ્ત્રીજી મહારાજની પુણ્યતિથિ, ગુણાનુવાદ સભા, સાંજે ૭:૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ.

૨૮/૦૨/૨૦૧૧ સોમવાર – વિજયા એકેદશી, રાત્રે કીર્તનભક્તિ, અમદાવાદ ગુરુકુલ.



1

2

3

4

5

6

ધનુર્માસ દરમિયાન છારોડી ગુરુકુલ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતાં. જેમાં... ૧. શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ ભગવાન- ફ્લકૂટ દર્શન. ૨. પવિત્ર તીર્થધામ સોમનાથનાં દર્શને સંતો તથા વિદ્યાર્થીઓ. ૩. શીયાળાની ઠંડીમાં ગરીબોને ધાબળા વિતરણ કરતા વિદ્યાર્થીઓ. ૪. પ્રેમપ્રકાશ સ્પોર્ટ્સ મીટમાં અશ્વસવારીમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ. ૫. દ્રોણ ગામે શાકોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી. ૬. રબારિકા મુકામે શાકોત્સવ પ્રસંગે આશીર્વચન આપતા પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી.

RNI No. GUJGUJ/2009/28937. Permitted to post at A'bad PSO on 25th of every month,
GAMC 1468/2010-2012, Valid up to 31/12/2012

૧. અમૃતસર પાસેના કાદિયાન ખાતે યોજાયેલ સમ્મેલનમાં પ્રવચન આપતા પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી. ૨. અમૃતસર, ગોલ્ડન ટેમ્પલની મુલાકાતે પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂ. પરમાત્માનંદજી મહારાજ તથા પૂ. સંતો. ૩. પ. પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સાથે વર્લ્ડ પોલીસ યુનિટી ટૂરના સભ્યો.